**સુવિચાર**
કાર્યને પાર પાડવા માટે શરૂઆતની જરૂર હોય છે. ઉપર ચડવા માટે પગથિયાની જરૂર હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ–અમાસ વર્ષ : ૧૫ અંક : ૦૨૬

## આઝાદીનાં અમૃત કાળમાં જિલ્લામાં અનેક પ્રાથમિક સુવિધાઓ પણ મળી નથી

# અમરેલી જિલ્લાનાં વિકાસ માટે ખાસ વાયબ્રન્ટ સમિટ જરૂરી

**રાજયને પ્રથમ મુખ્યમંત્રીની ભેટ આપનાર અમરેલી પંથક આજે વિકાસનાં અભાવે દિનપ્રતિદિન પાછળ ધકેલાઈ રહ્યો છે**

**જિલ્લાનું યુવાધન શિક્ષણ અને રોજગારીને લઈને અન્યત્ર જવા દોડ લાગવી રહ્યું હોય ચિંતા**

**જિલ્લાની જનતા લાખો–કરોડો રૂપિયાનાં એમઓયુ નિહાળીને મનોમન બધુ સમજી રહી છે**

**સમગ્ર જિલ્લામાંથી સ્થળાંતરનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઠેર–ઠેર ફરી રહી છે અને અનેક ગામોમાં શાસકોને જનતા જનાર્દનની નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણ કે જિલ્લાનાં મુખ્ય શહેરો, તાલુકા મથકોમાં પણ અનેક સમસ્યાઓ હોય ગ્રામ્ય વિસ્તારમાં કેવી રીતે પરેશાની હશે તેનો અંદાજ મેળવી શકાય તેમ છે.

અમરેલી જિલ્લામાં આઝાદીનાં ૭૫ વર્ષ બાદ પણ શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને માળખાકીય સુવિધાઓ વર્તમાન સમય પ્રમાણે ઉપલબ્ધ ન હોવાથી જિલ્લાની જનતાને તેમનાં બાળકોનાં અભ્યાસ કે રોજગારીઅર્થે રાજકોટથી લઈને મુંબઈ, દુબઈથી લઈને અમેરિકા સુધી સ્થળાંતર કરવાની ફરજ પડી રહી છે.

અમરેલી જિલ્લાની જનસંખ્યામાં દર વર્ષે ક્રમશઃ ઘટાડો થઈ રહ્યો છે. કારણ કે અનેક

અનુસંધાન પાના ૬ ઉપર

## કોર્ટમાં કેસ કરેલ હોય સાહેદ સાથે પરત ફરતા હોય

# સા.કુંડલાનાં સેંજળ ગામનાં રત્નકલાકાર જનકભાઈ ડુબાણીયા ઉપર અગાઉનાં મનદુ:ખનાં લીધે હુમલો

**બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં જનકભાઈ કાંતીભાઈ ડુબાણીયા નામના ૨૭ વર્ષિય રત્ન

અનુસંધાન પાના ૬ ઉપર

## જગ્યાને લઈને માથાકુટ થઈ

# અમરેલીમાં કસ્બાવાડમાં રહેતા વેપારી ઉપર બે ઈસમોએ કર્યો હુમલો

**ઈંટ વડે હુમલો કરી માથાનાં ભાગે ઈજા કરી**

અમરેલી, તા. ૧૦

અમરેલીમાં જુની જેલના દરવાજાની સામે કસ્બાવાડમાં રહેતા અનવરભાઈ નુરૂદીનભાઈ કેશવાણી નામના વેપારીના જુના મકાનની

અનુસંધાન પાના ૬ ઉપર

## નાણાની લાલચનાં કારણે પર્યાવરણની ચિંતા કરવાનું સૌ કોઈ ભૂલી ગયું

# સાવરકુંડલા–રંઘોળા માર્ગ બનાવવા માટે બાંધકામ એજન્સી દ્વારા મોટા પ્રમાણમાં ખનિજ ચોરી થતી હોવાનો આક્ષેપ

**ગુંદરણ ગામનાં જાગૃત્ત નાગરિક અલ્પેશ સોલંકીએ કલેકટરને ફરિયાદ કરી**

અમરેલી, તા. ૧૦

લીલીયાનાં ગુંદરણ ગામનાં અલ્પેશભાઈ સોલંકીએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલાથી રંઘોળા રોડ માટે કન્સ્ટ્રકશન એજન્સી કામ કરે છે. જેમાં બન્ને સાઈડ રોડમાં હાર્ડ મોરમ નાખવામાં આવે છે. જેમાં તેઓએ સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામની પરમીટ લઈને લીલીયા તાલુકાના ક્રાંકચ, ભોરીંગડા, બવાડી અને બવાડાના ગૌચર, સરકારી પડતરમાં આવેલ ડુંગરા ખોદી મોરમ ઉપાડી ખનિજ ચોરી કરે છે. જેથી આ અગાઉ લીલીયા તાલુકા સ્વાગત પ્રશ્ન રજુ કરેલ. જેથી જિલ્લા ખનિજ અધિકારીને સાથે રાખી જગ્યા પણ દેખાડેલ અને તેમનું પંચરોજકામ કરાવેલ. જેમાં ખનિજ વિભાગે પણ સ્વીકારેલ કે આ જગ્યા પર ખનિજ ચોરી થયેલ છે. તેમ છતાં હાલમાં આ એજન્સી તે જગ્યા અને તેમની આજુબાજુ ખનિજ ચોરી કરી રહી છે અને આ એજન્સીને કોઈ બીક વગર લાખો રૂપિયાની ખનિજ ચોરી કરે છે. તેમ છતાં ખનિજ વિભાગ અને મહેસુલી વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને મોટા ઝીંઝુડા ગામે જે પરમીટ લીધેલ

અનુસંધાન પાના ૬ ઉપર

# મોટા દેવળીયા : એસ.બી.આઈ.નાં ઉચાપત કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

બાબરા, તા. ૧૦

બાબરા તાલુકાનાં મોટા દેવળીયા એસ.બી.આઈ.નાં મેનેજરે તેમની બેંકનાં કર્મચારી મુળાભાઈ વીરાભાઈએ અલગ અલગ વ્યકિતઓની ખોટી સહીઓ કરી તેમની લોન મંજુર કરાવી તે રકમ આરોપીએ ઉપાડી લઈ છેતરપીંડી ઉચાપત ગ્રાહક તથા બેંક સાથે કરેલ હોવા મતલબની ફરિયાદ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧(એ) અનવયે કરેલ તે કામે પુરાવાનાં અંતે સલીમ જસાણી એડવોકેટની કાયદાકીય જોગવાઈ અન્વયેની વિગતવાર કરેલ દલીલો રજૂઆતો માન્ય રાખી બાબરા કોર્ટ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

## પત્રકાર રાજુભાઈ બસિયા અને પંકજ ઈન્દ્રોડીયા સાથે ચર્ચા કરી

# બાબરામાં ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લેતાં ધારાસભ્ય તળાવીયા

**સ્થાનિક ભાજપનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં**

બાબરા, તા. ૧૦

બાબરામાં આવેલ 'અમરેલી એકસપ્રેસ' બ્યુરો ઓફીસની મુલાકાત લેતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સાથે બાબરા શહેરનાં ભાજપનાં આગેવાનો પણ ઊપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જેમાં બાબરા નગરપાલીકા નાં યુવા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, પાલિકા ઉપ પ્રમૂખ અંકુરભાઈ જસાણી, પાલિકા સભ્ય ભુપતભાઈ બસિયા સહીતનાં કાર્યકરોએ અમરેલી એકસપ્રેસ બ્યુરો ઓફીસની મુલાકાત લીધી હતી.

ધારાસભ્ય જનકભાઈએ અમારા પ્રેસ પ્રતિનિધિ રાજુ બસિયા

અનુસંધાન પાના ૬ ઉપર

ખુબ ખુબ અભિનંદન



અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબ ને ખુબ ખુબ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...
: શુભેચ્છક :
અમરેલી અનાજ - કરિયાણા રીટેલ મરચન્ટ એસોસિએશન-અમરેલી
: અમરેલી :

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઈએ છે
સારથી યુથ કલબ ઓફ અમરેલી સંચાલીત
સારથી તપોવન આશ્રમ
માટે સંસ્થામાં કામ કરવા માટે અલગ - અલગ વિભાગ અને સંસ્થાની જરૂરિયાત મુજબ કામ કરી શકે તેવા સ્ટાફની જરૂરિયાત હોય યોગ્ય વ્યકિત અરજી કરી શકશે.

| પોસ્ટ | જગ્યા |
|---|---|
| કો-ઓર્ડિનેટર (MSW) | ૧ |
| રિસેપ્શન કમ ટેલિકોલર (ફિમેલ) | ૨ |
| કેરટેકર - (નર્સિંગ) | ૧ પરિવાર |
| કેરટેકર | ૧ પરિવાર |
| ખેતી અને પશુપાલન | ૧ પરિવાર |
| સિકયુરિટી | ૧ પરિવાર |
| હાઉસ કીપીંગ (ફિમેલ) | ૧ |
| હાઉસ કીપીંગ (મેલ) | ૧ |
| હાઉસ કીપીંગ કમ સ્વીપર (ફિમેલ) | ૧ |
| હાઉસ કીપીંગ કમ સ્વીપર (મેલ) | ૧ |
| રસોયા અને હેલ્પર | ૧ + ૧ |

નોંધ : ''સારથી યુથ કલબ ઓફ અમરેલી'' દ્વારા નવનિર્મિત ''સારથી તપોવન આશ્રમ''વૃદ્ધોને સાચવવા માટે ઉપરોકત જગ્યા લાયકાત અને રસ ધરાવતા ઉમેદવારો અને પરિવાર (રહેવા-જમવાની સગવડતા સાથે) અરજી કરી શકશે.
છેલ્લી તારીખ ૨૫-૦૧-૨૦૨૪.
: અરજી મોકલવાનું સરનામું :
સારથી યુથ કલબ ઓફ અમરેલી
નારણ આર્કેડ, ભીડભંજન મંદિર સામે, લિલિયા રોડ, અમરેલી. (ગુજરાત) ૩૬૫૬૦૧
(અરજી વ્હોટ્સએપ પર પણ મોકલી શકાશે) મો. ૯૧ ૮૦૦૬૪ ૯૯૦૦૦

શ્રધ્ધાંજલિ



તમારુ જીવન અમારી પ્રેરણા હતું,
તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા,
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો,
દયાળુ સ્વભાવને કયારેય ભૂલીશું નહીં.
ભગવાન સદ્દગત આત્માને
શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ડૉ. કે. એન. શાહ સાહેબ
સ્વ. તા. ૧૦-૦૧-૨૦૨૪, બુધવાર (ઉ.વ.૮૯)
લી.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ પરિવાર : અમરેલી :
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

LG BEST SHOP
Life's Good.
India ka Celebration
આ તહેવારોમાં ઘરે લઈ જાઓ એલજી પ્રોડક્ટ આકર્ષક ઓફર સાથે
UHD TV 70 (177CM) UQ8040 — 3YEAR WARRANTY — MRP : ₹ 2,24990* — ઓફર કિંમત : ₹ 79,990*
UHD TV 55 (139CM) UQ7500 — 3YEAR WARRANTY — MRP : ₹ 71,990* — ઓફર કિંમત : ₹ 40,990*
UHD TV 43 (108CM) UQ7500 — 3YEAR WARRANTY — • 4K Smart TV • Active HDR • α5 Gen5 AI Processor • ThinQ AI — MRP : ₹ 49,990* — ઓફર કિંમત : ₹ 27,990*
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 9974772377

### તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને

# કુંકાવાવ બ્રહ્મ સમાજનાં અગ્રણી ડોલરભાઈ દવેનું અવસાન થયું

### સમગ્ર પંથકે મહત્વનાં અગ્રણી ગુમાવી દીધા

અમરેલી, તા. ૧૦

કુંકાવાવ મોટીનાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સ્વ. ડોલરભાઈ દયાશંકર દવે (ઉ.વ.–૭૮) તે ચંદ્રીકાબેન ડોલરભાઈ દવેનાં પતિ તથા હસમુખભાઈ (ગુરૂજી), નયનાબેન પાઠક– અમરેલી, સ્વ. રસીકભાઈ દવેનાં મોટાભાઈ તથા જીતેન્દ્ર (મુનો), યોગેશ, હીના, આરતીના પપ્પા તેમજ વિપુલ (પીન્ટુ), પુનીત (કાનો), વૈશાલી (ટીનું)ના બાપુજીનું તા. ૧૦/૧/૨૪ના અવસાન થયેલ છે. સ્વ. ડોલરભાઈ દવે અનેક સામાજીક તથા




રાજકીય ક્ષેત્રે જોડાયેલા હતા. ભાજપનાં આગેવાન તથા કુંકાવાવ સમસ્ત બ્રહ્મ સમાજનાં પ્રમુખ, બ્રાહ્મણ બોર્ડીંગ અમરેલી તથા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ વિદ્યા પ્રસાર મંડળના ઉપપ્રમુખ, કુંકાવાવ તાલુકા પંચાયતનાં પુર્વ પ્રમુખ, અમરેલી જિલ્લા ભાજપનાં પુર્વ કોષાધ્યક્ષ, બાજ ખેડાવાળ બ્રાહ્મણ ભાવનગરનાં પુર્વ ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર–કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજનાં અગ્રણી તરીકે કાર્યરત રહયા. તેમનું બેસણું તા. ૧૨/૧/૨૪ને શુક્રવારના રોજ સવારનાં ૯થી સાંજનાં ૬ વાગ્યા સુધી તેમના નિવાસ સ્થાને શારદા સોપીંગ સેન્ટર દેવળમાં મોટી કુંકાવાવ ખાતે રાખેલ છે.

# ચલાલાનાં લોહાણા સમાજનાં અગ્રણી છોટુભાઈ ચંદારાણાનું નિધન

ચલાલા, તા. ૧૦

ચલાલા લોહાણા સમાજનાં શાંતિધર્મપ્રેમી અને માયાળુ સ્વભાવનાં આગેવાન તેમજ ચંદારાણા પરિવારનાં મોભી એવા છોટાલાલ ટપુભાઈ ચંદારાણા (ઉં.વ. ૯૩) આજે સાંજનાં ટૂંકી બીમાર બાદ અવસાન થતાં ચંદારાણા પરિવારમાં અને લોહાણા સમાજમાં ભારે દુઃખની લાગણી વ્યાપેલ છે. ચલાલા રઘુવંશી સમાજના યુવા અગ્રણી ભીખુભાઈ ચંદારાણાના પિતા છોટાલાલ ટપુભાઈ ચંદારાણાનું આજે સાંજનાં તેઓના નિવાસ સ્થાને અવસાન પામેલ છે. સદગતની સ્મશાન યાત્રા આવતીકાલ તા. ૧૧/૧/૨૦૨૪



ગુરૂવારના સવારે ૯ કલાકે તેઓનાં નિવાસસ્થાન દાનેવ પ્લોટથી રાખવામાં આવેલ છે. તેમજ સદગતનું ઉઠમણું તા. ૧૧/૧/૨૪ને ગુરૂરવાર સાંજના ૫ કલાકે ચલાલા લોહાણા મહાજન વાડીમાં રાખવામાં આવેલ છે.

# અમરેલીનાં સૌથી જુનામાં જુના સર્જન ડો. કે.એન. શાહનું ૮૯ વર્ષે અવસાન

અમરેલી, તા. ૧૦

અમરેલીનાં જાણીતા ડો. કે.એન. શાહનું ૮૯ વર્ષની જૈફવગે અવસાન થયેલ છે. તેઓએ ઘણા વર્ષો પહેલા એમ.એસ., એફ.એફ. આર.સી.એસ.ની ડીગ્રી લંડનથી મેળ વેલ. તેઓએ અમરેલી સિવિલ હોસ્પિટલનાં નવા બિલ્ડીંગમાં ૧૯૬૫માં સિવિલ સર્જન તરીકે ઘણો લાંબો સમય સેવા આપેલઅને ત્યારબાદ તેઓએ અમરેલીમાં સ્ટેશન રોડ પર સંઘવી ધર્મશાળા સામે પોતાનું દવાખાનું ચાલુ કરેલ. તેઓનું કરેલું નિદાન એકદમ સચોટ તેમજ મજબૂત



જ હોય તેવી તેઓની છાપ હોય, સમય જતાં તેઓ થોડા સમય મુંબઈમાં પણ મેડિકલ ક્ષેત્રે ઘણાં ડોકટરોને પણ ભણાવવા જતાં હતા, એથી જ તો અમરેલીનાં કોઈપણ દર્દી મુંબઈ સારવાર અર્થે જતાં તો તેમની પાસે ભણેલા ડોકટરો તો એમ જ કહેતા કે, તમો અમરેલીથી છેક અહિંયા સુધી ધક્કો ખાધો પણ અમારા ગુરૂ તો ત્યાં જ અમરેલીમાં છે તેવું તેઓનું નિદાન હોય સાહેબને પરિવારમાં તેઓનાં ધર્મપત્નિ બીનાબેન તેમજ એક દીકરીડો. સોનાબેન તે પણ એમ.ડી. ફીઝીશ્યન તરીકે વિદેશમાં સેવા આપે છે, દરેક રોગોમાં પ્રખર અને સચોટ નિદાન કરવાવાળા ડોકટર કે.એન. શાહ ૮૯ વર્ષે આજ તારીખ ૧૦, બુધવારનાં રોજ આપણી વચ્ચેથી વિદાય લીધેલ છે.

### આગેવાનો અને ગામજનો દ્વારા

# સરભંડા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત કરાયું

### સરકારી યોજનાનો લાભ આપવામાં આવ્યો

સરંભડા, તા. ૧૦

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અમરેલી જિલ્લાના છેવાડાના ગામ સુધી ભ્રમણ કરી રહી છે.સરકારી જનકલ્યાણકારી યોજનાઓની લોકોને વિસ્તૃત જાણકારી આપીને લાભાર્થીઓને લાભ પહોચાડી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી સમગ્ર દેશમાં યાત્રા દ્વારા લોકોને માર્ગદર્શન અને લાભો પહોંચાડવામાં આવી રહ્યાં છે.યાત્રાનો મુખ્ય ઉદ્દેશ ગરીબો, યુવાનો, મહિલાઓ, કારીગરો, પછાત વર્ગોને સશકત અને મજબુત બનાવી દેશને ૨૦૪૭ સુધીમાં સશકત રાષ્ટ્ર બનાવવાનું છે. જે અંતર્ગત આજે અમરેલી તાલુકાના સરંભડા ગામે યાત્રા આવી પહોંચતા ગામના આગેવાનો મગનભાઈ હરખાણી, મોટાભાઈ સંવટ, સરપંચ પતિ વિનુભાઈ દૂધાત, રાજેશભાઈ કાછડીયા, મધુભાઈ હરખાણી, કનુભાઈ સેંજલિયા, ભીખુભાઈ દુધાત સહિતનાં આગેવાનોએ યાત્રા નું સ્વાગત કર્યુ હતું. પ્રાથમિક શાળાના પટાંગણમા યોજાયેલ કાર્યક્રમ માં તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા ,ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, મોટાભાઈ સંવટ દ્વારા



સરકારી જનકલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત જાણકારી આપીને લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. આ તકે લાભાર્થીઓને સરકાર તરફથી આપવામાં આવેલા લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મેરી કહાની,મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ યોજનાથી થયેલા ફાયદાઓ અંગે અનુભવો વર્ણવ્યા હતા.

યાત્રાની સાથે વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ સર્વ પરમાર(જીઈબી), ભગત, બારેયા(આરોગ્ય), સોજીત્રા (ખેતીવાડી), આઈસીડીએસ,શ્રી દિગંતભાઈ ઉપાધ્યાય(માધ્યમિક), હીનાબેન પટેલ(પ્રાથમિક) સહિત વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાથમિક શાળાના બાળકોએ પ્રાકૃતિક ખેતી વિષે નાટક રજુ કર્યુ હતું.તલાટી મંત્રી બાવનિયા તથા રમણીકભાઈ મોલડીયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# લીલીયામોટા ખાતે લાઠી માર્ગ ઉપર જાહેર શૌચાલયનું કામ શરૂ



લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા મોટાના સરપંચ દ્વારા લાઠી રોડ પર પેસેન્જરોને પડતી અગવડતાનું કાયમી નિરાકરણ લાવી અને જેન્ટસ અને લેડિઝ માટે શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં સ્પેશિયલ શૌચાલય માટે અલગ ડારની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હોય જેથી કરી અને સ્વચ્છતા પણ જળવાઈ રહે તે માટે રકમ રૂપિયા ૧,૩૩,૦૦૦ નાં ખર્ચે વર્ષો જૂની માંગણી લીલીયાનાં સરપંચ દ્વારા સંતોષવામાં આવી છે અને આવનારા દિવસોમાં પેસેન્જરને તકલીફ ન પડે તે માટેની જોગવાઈ સરપંચ જીવનભાઈ વોરા દ્વારા કરવામાં આવતા લીલીયા તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, વિજય ભાલાળા સહિત લીલીયાના પ્રતિષ્ઠિત નાગરિકો સરપંચ જીવન ભાઈ વોરા ની કમગીરી બિરદાવી રહ્યા છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખની માંગ

# બાબરાની કાળુભાર નદીમાં પાલિકાએ રેમ્પ બનાવવાની કામગીરી બંધ કરવી જોઈએ

### રેમ્પ બનવાથી ચોમાસામાં આજુબાજુની દુકાનોમાં પાણી ઘુસી જશે

બાબરા, તા. ૧૦

બાબરા ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડના અધ્યક્ષ મુન્નાભાઈ મલકાણ દ્વારા પાલિકામાં રજુઆત કરવામાં આવી કે, બાબરા શહેરમાં મધ્યમાંથી પસાર થતી કાળુભાર નદી હાલની વાસ્તવિકતામાં મુખ્ય બજારો તેમજ પુલથી માત્ર ૫ થી ૭ ફુટ જેટલી ઉડાઈ આવેલ છે. આ કાળુભાર નદી ઉડી ઉતારવા માટે પાલિકા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી કાળુભાર નદીને ઉડી ઉતારવાનું કામકાજ એક બાજુ રહ્યું અને નગરપાલિકા દ્વારા બુધવારી પુલ પાસે ૧૪ અને ૧૫ નાણાં પંચની ગ્રાન્ટમાંથી ૧૭૨૪૫ નો રેમ્પ નદીમાં બનવાની શરૂઆત કરવામાં આવી જે લોકહિત માટે યોગ્ય નથી.

જયારે ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ થવાથી પુર આવે ત્યારે કાળુભાર નદીના આજુબાજુના વિસ્તારોમાં પુરના પાણી ફરી વળતા હોય જેનાથી ગામના વેપારીભાઈઓ તેમજ ગામજનોને ભારે મુશ્કેલીઓ પડે છે અને આ પુરના પાણી આજુબાજુના વિસ્તારમાં રહેણાંક મકાનો તેમજ દુકાનોમાં પાણી ઘુસી જાય છે તેમજ આપની નગરપાલિકામાં પણ આ પુરના પાણી ભરાય છે અને પાલિકામાં કોઈ પ્રવેશ કરી શકતુ નથી. આ પુરના પાણી સરકારી કચેરીઓ તેમજ બેન્કો તેમજ શાળાઓમાં ઘુસી જાય છે છતાય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

નગરપાલિકા દ્વારા આ સમસ્યાઓ દુર કરવાને બદલે સમસ્યાઓમાં વધારો કરી રહયા છો જેનાથી લોકોમાં અને વેપારીભાઈઓમાં અસંતોષ ઉભો થાય તેવા પ્રયાસો પાલિકા દ્વારા થઈ રહ્યા છે. જે યોગ્ય નથી અને સરકાર દ્વારા અપાતા નાણાંનો સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા સદ્ઉપયોગ કરવામાં આવે અને લોકોની જરૂરી સુવિધાઓમાં વાપરવામાં આવે તો લોકોને જે સુવિધાઓથી વંચિત છે તે સુવિધાઓ પ્રાપ્ત થાય તેમ છે.

ગુજરાત સરકાર દ્વારા ટુંક સમયમાં કાળુભાર નદી ઉ ંડી ઉતારવાની કામગીરી હાથ ધરવા માટે યોગ્ય આદેશો અને ગ્રાન્ટ આપવાની હોય છતાય રેમ્પ બનાવીને સરકારના નાણાનો દુરઉપયોગ શા માટે?


બાબરા નગરપાલિકા દ્વારા કાળુભાર નદીમાં રેમ્પ બનાવવાથી ચોમાસામાં પાણીનો ભરાવો વધુ વધે તેમ હોય અને આ રેમ્પના કારણે પાણીનો નિકાલ પણ થઈ શકે તેમ ન હોય અને આ ચોમાસાનું પાણી ભરાવવાથી આજુબાજુના વિસ્તાર વાળાને અને વેપારીઓને ભારેથી અતિભારે મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે. જેથી આ કામગીરી હાલની તકે બંધ રાખવી ખૂબ જ જરૂરી છે.

બાબરા નગરપાલિકા દ્વારા બાબરાની મુખ્ય સમસ્યાઓ દુર કરવા અને સુવિધાઓ આપવાના બદલે અસંતોષ થાય તેવા કામ ન કરવા તેમજ બાબરા કાળુભાર નદી ઉડી ઉતારવા માટેના કામો કરવા જોઈએ તેના બદલે નદી વધુ છીછરી થાય તેવા કામો થઈ રહ્યા છે.

કાળુભાર નદી હાલ ૫ થી ૭ ફુટ ઉડી આવેલ છે. તેમાં પાલિકા દ્વારા જે રેમ્પ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે તે બંધ રાખવા અમારી આપને રજુઆત છે.

નગરપાલિકા દ્વારા રેમ્પનું આયોજન રદ કરીને તેની રકમ અન્ય સુખાકારી સુવિધાઓમાં વાપરામાં આવે તેવી અમારી લાગણી સાથે માંગણી છે. । બાબતે ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત કરવામાં આવેલ છે.

# અમરેલી વકીલ મંડળનાં નવનિયુકત સેક્રેટરી જે.આર. વાળાને શુભેચ્છા પાઠવતા ટીકુભાઈ વરૂ



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા વકીલ મંડળમાં ચૂંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ અમારા પરમ સ્નેહી વકીલ જે.આર. વાળાને ખુબ ખુબ અભિનંદન પાઠવી ભગવાન શ્રી શ્યામની પ્રતિમા આપી સન્માનિત કરતા ટીકુભાઈ વરૂ.

### આગામી ૨૦ થી ૨૨ જાન્યુઆરી સુધી અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાશે

# રાજુલા ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉત્સાહ

### ૨૨ જાન્યુ.નાં રોજ શહેર બંધ રહેશે અને ભવ્ય શોભાયાત્રા યોજાશે

રાજુલા, તા. ૧૦

સમગ્ર દેશ તારીખ ૨૨.૦૧.૨૦૨૪ ના રોજ ભગવાન શ્રી રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા ૫૦૦ વર્ષ બાદ થવા જઈ રહી છે. ત્યારે રાજુલા શહેરમાં રાજુલાને અયોધ્યા બનાવવા માટે વિ હિન્દુ પરિષદ તેમજ વિવિધ સમાજ આગેવાનો દ્વારા એક મીટીંગ કરવામાં આવેલ. જેમાં રંગારંગ કાર્યક્રમો રાખવાનું એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું. રામ મંદિરોમાં ભવ્ય આરતી સહિતના કાર્યક્રમો ત્રણ દિવસ સુધી રાજુલા શહેરમાં યોજાશે. ત્યારે આ કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે તારીખ ૨૦/૦૧/૨૦૨૩ શનિવારનાં રોજ હનુમાન ચાલીસા નું આયોજન કરવામાં આવેલ છે જે રાજુલા શહેરમાં છબીલા હનુમાનજી મંદિર પોલીસ સ્ટેશન પાસે રાખવામાં આવેલ છે જે શ્રી પૂજા બાપુ ગૌશાળ ના લાભાર્થે પક્ષીઓના ચણ માટે આ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવેલ છે. જયારે બીજા દિવસે તારીખ ૨૧/૦૧/૨૦૨૪ ના રોજ રાજુલા શહેરમાં સાંજે ૭ થી ૧૦.૦૦ કલાક સુધી રાજુલા બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે રાસ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે અને તારીખ ૨૨/૦૨/૨૦૨૩ ના રોજ શોભાયાત્રા જુના રામજી મંદિર થી જલારામ મંદિર સુધીનું આયોજન રાજુલા શહેરમાં કરવામાં આવેલ છે. આ શોભાયાત્રા રામજી મંદિરેથી બપોરના ૩.૩૦ કલાકેથી પ્રસ્થાન કરશે ઉપરોકત કાર્યક્રમમાં રાજુલા શહેર તારીખ ૨૨/૦૧/૨૦૨૩ ના રોજ રાજુલા શહેર સદંતર બંધ રાખવા માટે વેપારીઓને અપીલ કરવામાં આવે છે. આ રાજુલા શહેરને અયોધ્યા ધામ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ સહિતની વિવિધ ધાર્મિકસંસ્થાઓના આગેવાનો દ્વારા સતત મહેનત કરવામાં આવી રહી છે. રાજુલા શહેરમાં આ કાર્યક્રમને ઉજવવા માટે તૈયારીઓ ચાલી રહી છે તેમજ રાજુલા શહેરના તમામ મંદિરોમાં આ ઉત્સવ ઉજવવા માટેની તૈયારીઓ ચાલી રહી છે.

### જય વેલનાથ સમુહલગ્ન સમિતિ દ્વારા

# અમરેલી ખાતે આગામી ૧૧ માર્ચે સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ

### ૧૦ ફેબ્રુઆરી સુધીમાં સંપર્ક કરવા જણાવાયુ

અમરેલી, તા. ૧૦

જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિ દ્વારા આગામી તા. ૧૧/૩/૨૦૨૪નાં રોજ અમરેલી શહેર ખાતે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરેલ હોય આ લગ્ન માત્ર ૧૧ નવ દંપતિઓ માટે મર્યાદિત સંખ્યામાં યોજેલ હોય તેમજ ગરીબ પરિવાર માટે યોજવાના હોય લગ્ન નોંધણી માટે તા. ૧૦/૨/૨૦૨૪ સુધીમાં લગ્ન લાભાર્થી યુવક–યુવતિ કે વાલીઓએ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. કાર્યાલય : જિલ્લા પંચાયત ગેઈટ સામે, સરદાર માર્કેટીંગ યાર્ડ શોપીંગ સેન્ટર, ગ્રાઉન્ડ ફલોર, દુકાન નં. ૩૬, અમરેલી. વેલનાથ ઓનલાઈન તથા સેવા કેન્દ્ર, અમરેલી–૩૬૫૬૦૧ ધીરૂભાઈ મકવાણા મો. ૯૮૭૯૨ ૭૭૬૮૪.

### કોમી એકતા કમિટી દ્વારા

# રાજુલા ખાતે તાજનશાહ પીરબાપુનાં ડુંગરે ઉર્ષ મુબારકનું આયોજન

### આગામી ૨૪ જાન્યુ.નાં રોજ કાર્યક્રમ યોજાશે



રાજુલા, તા. ૧૦

રાજુલા શહેરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ તાજનશાહ પીર બાપુના ડુંગરે ઉર્ષનું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખ ૨૪/૦૧/૨૦૨૪ બુધવારના રોજ સાંજે ચાર કલાકે બહેનોની મજલીસ રાખવામાં આવેલ છે અને તે જ દિવસે રાત્રે ૯.૩૦ કલાકે પુરૂષોની મજલીસ રાખવામાં આવેલ છે. તારીખ ૨૪/૦૧/૨૦૨૪ બુધવારના રોજ ચંદન તથા સોડ એટલે કે ચાદરનો જુલુસ રાત્રિના ૧૧.૩૦ કલાકે રાખવામાં આવેલ છે સાથે પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. ત્યારે આ કાર્યમાં રાજુલા એકતા કમિટી તથા મેમ્બરો દ્વારા આ કાર્યક્રમમાં રાજુલા શહેરની ધર્મપ્રિય જનતાને આ દર્શનનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે. ત્યારે ઉલ્લેખનીય બાબતે છે કે રાજુલા શહેરમાં વર્ષોથી આ જગ્યા ઉપર તાજનશા પીરબાપુ અનેઆઈ શ્રી ખોડીયારમાં બિરાજમાન છે જયાં રાજુલા શહેરની એક કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવે છે અને આ જગ્યા ઉપર વર્ષોથી ભોળ । બાપુ ધાખડા પરિવાર કાઠી દરબાર ધાખડા પરિવાર દ્વારા આ ચંદન તથા સોડ ચાદર પેઢી દર પેઢીથી આ કાર્ય કરવામાં આવે છે. ત્યારે આ કાર્યમાં સૌ કોઈએ દર્શનનો લાભ પરિવાર સાથે લેવાનું તેમજ કોમી એકતા કમિટી દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### જિલ્લા કલેકટરનાં અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

# બાબરા ખાતે જિલ્લાકક્ષાનાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાશે

### સરકારી ઈમારતોની રોશની, સાફસફાઈની કામગીરી કરવા જણાવ્યું

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને તા.૨૬ જાન્યુઆરી,૨૪ 'પ્રજાસત્તાક પર્વ' જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી બાબરા સ્થિત કમળશીહાઈસ્કુલ ખાતે હર્ષોલ્લાસ સાથે કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટરએ સરકારી ઈમારતોની રોશની, કાર્યક્રમ સ્થળની વ્યવસ્થાઓ, સાફ સફાઈ, ફાયર સેફટી અને ટેબ્લોનું આયોજન સહિતના મુદ્દે અગત્યની સૂચનાઓ આપી હતી અને અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ દ્વારા વિવિધ સંબંધિત અધિકારીઓને કાર્યક્રમની ભવ્ય ઉજવણીને લઈ જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો રજૂ કરવામાં આવશે. બાબરા ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં દેશભકિતની થીમ પર વિશેષ સાંસ્કૃત્તિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડનું આયોજન કરવામાં આવશે. મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, લાઠી બાબરા પ્રાંત અધિકારી, બાબરા તાલુકા મામલતદાર સહિતના અધિકારી– કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરબડી પ્રાથમિક શાળાની શુભેચ્છા મુલાકાતે શિક્ષણ મંત્રી



અમરેલી, તા. ૧૦

રાજયનાં શિક્ષણમંત્રી કુંબેરભાઈ ડીંડોર પરબડી પ્રાથમિક શાળાનાં આચાર્ય લાલુભાઈ કટારાનાં નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત કરેલી જે સમયે શાળાનાં આચાર્ય તેમજ આસિસ્ટન્ટ શિક્ષક મુકેશકુમાર ડી. જોશી અને આચાર્યના પરિવારવતી શિક્ષણમંત્રીનું શાલ ઓઢાડી ઉમળ કાભેર સ્વાગત કરેલ. મંત્રીએ વતનની સુવાસ ફેલાવી વતનની જીણવટભરી માહિતી લીધેલ.

### ફરિયાદી સાગર હિરપરાને ન્યાય મળ્યો

# અમરેલી : ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજા

### એડવોકેટ તુષાર સોજીત્રાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૦

ફરિયાદી સાગર હિરપરાએ ઉધાર આપેલા રૂપિયા સાત લાખનાં ચેક રીટર્ન કેસમાં સુરેન્દ્રનગરના આરોપી જીગ્નેશ દેવદાસ પઢારીયાને ૬ માસની કેદની સજા અમરેલી કોર્ટે સંભળાવી છે.

એડવોકેટ તુષાર સોજીત્રાની ધારદાર દલીલોથી આરોપીને ૬ માસની સજા તેમજ સાત લાખ ચુકવી આપવા કોર્ટે હુકમ કર્યો હતો.



આ કેસની વિગત એવી છે કે, ફરિયાદી સાગર હિરપરાએ જુન ૨૦૨૧માં સાત લાખ ઉછીના ધંધાના હેતુ માટે આરોપી જીગ્નેશ દેવદાસ પઢારીયા મુળ વતની અદાલસર જી. સુરેન્દ્રનગરનાંઓને આપેલા હતા. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૨ માં ચેક બેન્કમાં નાખતા ચેક રીટર્ન થયો હતો. ત્યારબાદ અમરેલીની કોર્ટમાં ફરિયાદીએ કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને કેસ પાછો લેવા માટે અવાર–નવાર ધમકી આપેલ હતી તેમજ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાં ફરિયાદી વિરૂધ્ધ ખોટો કેસ પણ દાખલ કરાવેલ હતો. તેમ છતાં ફરિયાદીએ તેમના હકકના પૈસા લેવા માટે આરોપીના ખોટા દાવા સામે ન મુકતા ન્યાયીક રાહ છોડી ન હતી જેથી તા. ૧૦/૧/૨૪નાં ફરિયાદી તરફે અમરેલીની કોર્ટે હુકમ કરતા સત્ય તેમજ ન્યાયની જીત થઈ હતી.

### માર્ગ સુરક્ષા અંતર્ગત એ.આર.ટી.ઓ.ની કામગીરી

# ભૈ વાહ : વાહનો પર નિયમ વિરૂધ્ધ લગાવેલ એલ.ઈ.ડી. વાહનોને દંડ કરવામાં આવ્યો

### ડિસેમ્બર મહિનામાં ૫૪ વાહનોને મેમો ફટકારવામાં આવ્યો

અમરેલી, તા. ૧૦

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા માર્ગ સલામતી અંતર્ગત રોડ સેફટી માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. રોડ સેફટી સમિતિના અધ્યક્ષ તેમજ અમરેલી જિલ્લા કલેકટરના માર્ગદર્શન અને સૂચના હેઠળ વાહનો પર લગાડવામાં આવી હોય તેવી નિયમ વિરૂદ્ધની લાઈટો દૂર કરવા અંગેની કામગીરી એ.આર.ટી.ઓ. દ્વારા કરવામાં આવી અને મેમો ઈસ્યુ કરવામાં આવ્યા હતા.

અમરેલી જિલ્લા રોડ સેફટી સમિતિના સહિયારા પ્રયત્નોના ભાગરૂપે છેલ્લા બે વર્ષ દરમિયાન માર્ગ અકસ્માતોમાં ૨૨ ટકાનો ઘટાડો થયો છે જે સરાહનીય બાબત છે. માર્ગ અકસ્માત થતાં અટકે અને વધુમાં વધુ લોકોની માર્ગ સલામતી રહે, તેમનો જીવ બચે તે માટે અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા વિવિધ રીતે ચેકીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

માર્ગ પર અકસ્માતો ના થાય તે માટે અનેકવિધ પ્રયત્નો કરવામાં આવે છે. અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા રૂટિન ચેકીંગની કામગીરી કરવામાં આવે છે. વાહન પર લગાડવામાં આવી હોય તેવી એલ.ઈ.ડી. લાઈટો દૂર કરવામાં આવી હતી તેમજ વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. અમરેલી આરટીઓ દ્વારા ખાસ કરીને બસ, ટ્રક તેમજ કારમાં લગાવેલ વધારાની લાઈટો દૂર કરવામાં આવી હતી તેમજ દંડ પણ કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર મહિનામાં આ કાર્યવાહીના ભાગરૂપે ૫૪ વાહનોને મેમો ફટકારવામાં આવ્યો હતો અને વાહન પર લાગેલ નિયમ વિરૂદ્ધની એલ.ઈ.ડી. લાઈટો દૂર કરવામાં આવી હતી. તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### રૂપિયા ૧૬ કરોડ જેવી માતબર રકમથી

# ગોંડલ–કુંકાવાવ–ધારી–તુલસીશ્યામ સુધીનાં માર્ગનું નવિનીકરણ કરાશે

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત સફળ

અમરેલી, તા. ૧૦

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ પોતાના મત વિસ્તારના રસ્તાઓ તાત્કાલિક રિકાર્પેટ થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે તા. ૩/૧/૨૦૨૪ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૧૬ કરોડ ૧૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી કુંકાવાવ તાલુકાનાં વાવડીથી બગસરા રસ્તાનું રિકાર્પેટ



કામ મંજૂર થતાં ટૂંક સમયમાં આ કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. જે કામમાં ગોંડલ વાયા દેરડી–કુંકાવાવ–બગસરા–ધારીથી તુલસીશ્યામ સુધીના રસ્તાના રિસરફેસના કામનો પણ સમાવેશ થાય છે.

રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા આ વિસ્તારની પ્રજા અને તુલસીશ્યામ દર્શન માટે જતી પ્રજા અને અન્ય પ્રવાસીઓની સુખાકારીમાં વધારો થશે અને લોકોને પડતી હાલાકીમાંથી મુકિત મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# લાઠી–દામનગર વાયા ભુરખીયા માર્ગને પહોળો કરવા ઉઠેલી માંગ



દામનગર, તા. ૧૦

લાઠીથી દામનગર વાયા રામપર, તાજપર, ભુરખીયા (હનુમાનજી મંદિર) ૧૬ કી.મી.નાં રોડ પરથી અસંખ્ય નાના–મોટા વાહનો પસાર થાય છે. લાઠીથી ભુરખીયા ૧૦ કી.મી. અને દામનગરથી ૬ કી.મી.ના અંતરે આવેલ છે. કેટલાય વર્ષોથી આ રોડની પહોળાઈ વધારવામાં આવેલ ન હોય. સામ–સામેથી આવતા મોટા વાહનોને બાજુમાંથી પસાર થવા માટે તકલીફ થાય છે. વસ્તી, ઉદ્યોગો અને વાહનોની સંખ્યા વધી રહી હોવાથી આ માર્ગ સાંકડો પડી રહ્યો છે. છાશવારે આ માર્ગ પર અકસ્માતો થતા રહે છે. તો અમરેલી જિલ્લા પંચાયત આ ૧૬ કી.મી.ના માર્ગને પહોળો કરવા માટે સરકારમાં દરખાસ્ત મોકલી આપી મંજૂરી મેળવવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરે એવી દામનગર પંથકના લોકોની માંગ છે.

# વડિયા શાળાની સરપંચે સરપ્રાઈઝ વિઝીટ લીધી



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા



વડિયા, તા. ૧૦

વડિયા શહેરમાં ચિકનગુનિયાના કેશમાં ધરખમ વધારો થતા સરપંચ મનિષભાઈ ઢોલરીયાએ આરોગ્ય તંત્રને જાણ કરી ખાસ ટીમો બનાવડાવી હતી અને આ આરોગ્ય તંત્રની ટીમ સાથે પાણીનાં ટાંકામાં પુળા, સ્કુલમાં અપાતો મધ્યાહન ભોજન સહિતની જીણવટ ભરી ચકાસણી કરવામાં આવી હતી.

શહેરમાં આરોગ્યની ટીમ સાથે તમામ પ્રાથમિક શાળાઓમાં સરપ્રાઈઝ વિઝીટ કરી હતી.

પાણીનાં ટાંકા અને મધ્યાન ભોજનની રસોઈનો વિદ્યાર્થીઓ સાથે માણ્યો સ્વાદ બાળકો સાથે બેસીને મધ્યાહન ભોજન કર્યુ હતું. તમામ પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓની સાથે બેસીને મધ્યાન ભોજનની રસોઈનો માણ્યો આનંદ. મધ્યાહન ભોજનની રસોઈમાં અમુક સ્કુલમાં નાની મોટી ક્ષતિઓ જણાતા કડક સુચનાઓ આપવામાં આવી હતી અને કહયું કે હું ગમે ત્યારે શાળાઓમાં મધ્યાહન ભોજનની રસોઈની વિઝીટ કરીશ.

હવે પછી કોઈ પણ પ્રકારે રસોઈમાં ક્ષતિઓ જણાશે તો જરૂર કાર્યવાહી કરીશ. ત્યારે આવી રીતે સરપંચ મનિષભાઈ ઢોલરીયા દ્વારા સરપ્રાઈઝ વિજીટ કરતા તમામ પ્રાથમિક શાળાનાં શિક્ષકો અને મધ્યાહન ભોજન સંચાલકોમાં છવાયો સન્નાટો છવાઈ ગયો હતો.

### જિલ્લા મેજિસ્ટ્રેટનાં જાહેરનામાનું ઉલ્લંઘન કરીને

# બગસરામાં પ્રતિબંધિત દોરીનું વેચાણ કરનાર વેપારી વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

### રૂપિયા ૧૦૫૮૦નો મુદ્દામાલ કબ્જે થયો

બગસરા, તા. ૧૦

બગસરા પોલીસ સ્ટેશનના પ્રો.ના.પો. અધિ. સી.બી. સોલંકી તથા પોલીસ ઈન્સ્પેકટર કે.સી. પારગીનાં સીધા માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સ્ટેશનની ટીમ ધ્વારા બગસરા ટાઉન વિસ્તારમાં આવેલ દોરી–પતંગોની દુકાનો ચેક કરવા સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ અને પેટ્રોલંગમાં ફરતા ફરતા ગોંડલીયા ચોક પાસે આવતા બાતમી રાહે હકીકત મળેલ કે અમરપરા નવા બસ સ્ટેશન પાસે મારૂતીનંદન સીઝન સ્ટોર તથા બુક સ્ટોરની લખેલ દુકાને પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી, ફીરકી વેચાણ કરવા સારૂ પોતાની દુકાને લાવેલ છે. જે દુકાનમાં જઈ ઝડતી તપાસ કરતા એક ખાખી કલરનું ખોખુ પડેલ હોય. જેથી ખોખામાં જોતા પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરીઓના કોકડાઓ નંગ–૩૧



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

જે તમામ કોકડાઓ ઉપર જોતા કાળા કલરના મોનો સ્કાઈ લખેલ ચાઈનીઝ દોરીના કોકડાઓ કુલ નંગ–૩૧ કિંમત રૂા. ૧૦,૮૫૦નાં મુદામાલ રાખી મળી આવેલ હોય. જે જીજ્ઞેશભાઈ રાઠોડ વિરૂધ્ધ બગસરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજી. કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

### રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમનાં માધ્યમથી અરજદારોનાં પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ

# કુંકાવાવ–વડીયા તાલુકા સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ ૧૯ પ્રકારની સેવાની અરજીઓ સ્થળ પર નિકાલ

### અરજદારોની ૨.૧૦૭ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ

અમરેલી, તા. ૧૦

સેવા સેતુ કાર્યક્રમ એ પ્રજાજનોનાં પ્રશ્નોને સ્થળ પર ઉકેલ લાવવાનું અસરકારક માધ્યમ છે. અરજદારોની અરજીઓનો સ્થળ પર હકારાત્મક નિકાલ થાય તે ઉદેશ્ય સાથે જિલ્લાનાં કુંકાવાવ–વડીયા તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ડીવર્મીંગ, મેડીસીન સારવાર, જન્મ–મરણ પ્રમાણપત્ર, મિલકત આકારણી ઉતારો, આધાકાર્ડ, આવકનો દાખલો, આરોગ્ય કલ્યાણ કાર્ડ , રાશન કાર્ડમાં નામ સુધારો કરવો, રાશન કાર્ડમાં નામ દાખલ કરવું, રાશન કાર્ડમાં નામ કમી કરવું, પી.એમ.જે.મા અરજી, પશુઓની પ્રજનનલક્ષી સારવાર, રેવન્યુ રેકર્ડ માટે વારસાઈ અરજી, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના, વરિષ્ઠ નાગરકિતા પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ) નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર, સહિતની બાબતો અન્વયે અરજીઓનો ૧૦૦ ટકા નિકાલ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ ૧૯ પ્રકારની સેવાઓ માટે મળેલી ૨,૧૦૭ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

ડીવર્મીંગની ૧,૮૧૦ અરજી, મેડીસીન સારવારની ૮૧ અરજી, જન્મ મરણ પ્રમાણપત્રની ૫૩ અરજી, મિલક આકારણીનાં ઉતારાની ૫૧ અરજી, આધારકાર્ડની ૩૫ અરજી, આવકનાં દાખલાની ૧૪ અરજી, હેલ્થ વેલનેસ કાર્ડની ૧૩ અરજી, રાશન કાર્ડમાં નામ સુધારો કરવાની ૧૧ અરજી, રાશનકાર્ડમાં નામ દાખલ કરવાની ૦૯ અરજી, રાશનકાર્ડમાં નામ કમી કરવાની ૦૯ અરજી, પી.એમ.જે.માની ૦૬ અરજી, પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર ની ૦૪ અરજી, રેવન્યું રેકર્ડ માટે વારસાઈની ૦૩ અરજી, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્રની ૦૧ અરજી, જાતિ પ્રમાણપત્ર (અનુસુચિત જાતિ) ની ૦૧ અરજી, નોન ક્રીમીલેયર પ્રમાણપત્રની ૦૧ અરજી સહિત ૨,૧૦૭ અરજીઓ મળી હતી. આ તમામ અરજીઓનો ૧૦૦ ટકા સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજય સરકારનાં સેવા સેતુ કાર્યક્રમનાં માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહયું છે. કુંકાવવા–વડીયા તાલુકાનાં આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ૨,૧૦૭ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.ા સરકારનાં સેવા સેતું કાર્યક્રમ થકી સરકારી સેવાઓનો લાભ અરજદારોને ત્વરાએ મળી રહયો છે.


















### ૨ વર્ષની સજા, ૧૦ લાખનો દંડ

# લાઇસન્સ વગર પતંગ ઉડાડવી તમને મુશ્કેલીમાં મૂકી દેશે

## દેશભરમાં મકરસંક્રાતિની ધૂમ છે, લોકો ઉત્તરાયણ આવવાના ૧૦ દિવસ પહેલા જ પતંગ ઉડાવવાનું શરૂ કરી નાખે છે

અમદાવાદ, તા.૧૦

દેશભરમાં મકરસંક્રાતિની ધૂમ છે. લોકો ઉત્તરાયણ આવવાના ૧૦ દિવસ પહેલા જ પતંગ ઉડાવવાનું શરૂ કરી નાખે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લોકો પતંગ ચગાવે છે. જોકે તમને એ ખબર છે કે મંજૂરી વગર પતંગ ઉડાવવી ગુનો છે. આ માટે તમને દંડ પણ થઈ શકે છે. જાણીને નવાઈ લાગશે કે, પતંગ ઉડાવવા માટે પણ તમારે પરમિટની જરૂર હોય છે. ખરેખર, ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ ભારતમાં પતંગ ઉડાડવી ગેરકાયદેસર છે. જો તમે તેના માટે લાયસન્સ મેળવ્યું હોય તો જ તમે પતંગ ઉડાડી શકો છો.

જો તમે કાયદાનું ઉલ્લંઘન કરો છો, તો તમને ૨ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ સિવાય ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. તમે વિચારતા હશો કે પતંગ ઉડાવવી ગેરકાયદેસર કેવી રીતે હોઈ શકે? તેનું કારણ એ છે કે કાયદા હેઠળ તે વિમાનના દાયરામાં પણ આવે છે. ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ આપવામાં આવેલી 'વિમાન'ની વ્યાખ્યામાં પતંગનો પણ સમાવેશ થાય છે. માત્ર પતંગ જ નહીં, ઉડતા બલૂન, ગ્લાઈડર પણ એરક્રાફ્ટની શ્રેણીમાં આવે છે. શું છે આ કાયદાની તે જોગવાઈ કે જેના હેઠળ પતંગ ઉડાડવાથી જેલ પણ થઈ શકે છે. ઈન્ડિયન એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ની કલમ ૧૧ કહે છે કે, 'જે કોઈ વ્યક્તિ જાણીજોઈને કોઈ પણ વિમાનને એવી રીતે ઉડાડે છે કે જેનાથી કોઈ વ્યક્તિ અથવા જમીન, પાણી અથવા હવામાં કોઈપણ સંપત્તિને નુકસાન થાય, તો તેને ૨ વર્ષ સુધીની સજા અથવા દંડ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ ઉપરાંત, સજા દંડ અથવા બંને હોઈ શકે છે. આ કાયદો ૨૦૦૮માં બદલાયો હતો જેમાં સજા અને દંડમાં વધારો કરવામાં આવ્યો હતો.

તે પહેલા, ૬ મહિના સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા હતી. બ્રિટિશ કાળથી ખતરનાક રીતે પતંગ ઉડાડવા પર સજા આપતો બહુ જૂનો કાયદો છે, પરંતુ મોટાભાગના લોકો તેના વિશે જાણતા નથી. આ જ કારણ છે કે, લાયસન્સ વગર પતંગ ઉડાડવામાં આવે છે. લાઈસન્સ ક્યાંથી મેળવવું તે અંગે કંઈ સ્પષ્ટ નથી. આ માટે સિવિલ એવિએશન ઓથોરિટી પાસેથી લાઈસન્સ મેળવવું પડશે. ૨૦૧૮ માં કેટલાક કાર્યકરોએ મોટા પાયે પતંગ ઉડાવવા માટેના લાઈસન્સ માટે નાગરિક ઉડ્ડયન સત્તામંડળને અરજી કરી હતી. તેમનો હેતુ આ જૂના કાયદાની અસંગતતા તરફ સત્તાવાળાઓ અને લોકોનું ધ્યાન દોરવાનો હતો. કેટલાક રાજ્યોમાં, સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી લાયસન્સ પણ મેળવી શકાય છે. પતંગ ઉડાડવું એ રોમાંચથી ભરપૂર છે પણ ખતરનાક પણ છે. ઘણી વખત બાળકો અથવા તો ક્યારેક પુખ્ત વયના લોકો પણ પતંગ ઉડાવવાનો પ્રયાસ કરતી વખતે છત પરથી પડી જાય છે. અન્ય લોકોના પતંગની દોરી સરળતાથી કાપવા માટે પણ લોકો ખતરનાક માંજાનો ઉપયોગ કરે છે. ખાસ કરીને ચાઈનીઝ દોરી ખૂબ જ ખતરનાક હોય છે. આના ઝપેટમાં આવવાથી દર વર્ષે સેંકડો પક્ષીઓ મૃત્યુ પામે છે. રોડ પર લટકેલા માંજાને કારણે કેટલીકવાર અકસ્માતો સર્જાય છે.

### વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ

# સુઝુકી મોટર કોર્પોરેશન ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપશે

## વર્ષના અંત સુધીમાં ગુજરાત પ્લાન્ટમાંથી પ્રથમ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરશે તેમજ નિકાસ કરવાની યોજના

ગાંધીનગર, તા.૧૦

આજે ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ થયો છે જેમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિ તેમજ કંપનીઓના સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે સુઝુકી મોટર્સના પ્રમુખ તોશિહિરો સુઝુકી એ મોટા રોકાણની જાહેરાત કરતા જણાવ્યું હતું કે સુઝુકી મોટર કોર્પોરેશનનો એક વિશાળ પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપશે.

વાઈબ્રન્ટ સમિટમાં સંબોધન કરતી વખતે તેમણે કહ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં ગુજરાત પ્લાન્ટમાંથી પ્રથમ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરશે તેમજ આ મોડલને ફક્ત ભારતમાં જ નહીં પણ જાપાન અને યુરોપિયન દેશોમાં પણ નિકાસ કરવાની યોજનાની રૂપરેખા આપી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે ગુજરાતના નવા પ્લાન્ટમાંથી ૩,૨૦૦ કરોડનું રોકાણ કરશે જે દર વર્ષે ૨.૫ લાખ યુનિટનું ઉત્પાદન કરી શકે છે. આ સાથે જ સુઝુકી મોટરની ગુજરાતની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા વર્તમાન ૭.૫ લાખથી વધીને ૧ મિલિયન યુનિટ થઈ જશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે રાજ્યના અન્ય પ્લાન્ટસમાં પણ ૩૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

### મણિપુર સરકારે કોંગ્રેસની દરખાસ્ત રદ કરી

# મંજૂરી ન મળવા છતાં કોંગ્રેસ ભારત જોડો ન્યાય યાત્રા ઈમ્ફાલથી જ શરૂ કરશે

## ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડમાં મંજૂરી ન આપી સ્થાનિક સરકાર યાત્રાથી ડરી રહી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

ઈમ્ફાલ, તા.૧૦

મણિપુરના ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડથી ૧૪ જાન્યુઆરીએ 'ભારત જોડો ન્યાય યાત્રા' શરૂ કરવાની દરખાસ્ત નામંજૂર કરાતા કોંગ્રેસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' મણિપુરના ઈમ્ફાલથી જ શરૂ થશે. અમે કોઈપણ સંજોગોમાં યાત્રા અટકવા નહીં દઈએ અને હિંસાનો ભોગ બનેલા નોર્થ ઈસ્ટથી જ શરૂ કરશે. પેલેસ ગ્રાઉન્ડમાં મંજૂરી ન આપી સ્થાનિક સરકાર યાત્રાથી ડરી રહી છે.

કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, 'અમને માહિતી મળી છે કે, મણિપુર સરકારે ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડમાં યાત્રા સંબંધિત અમારી દરખાસ્ત રદ કરી દીધી છે. અમે મણિપુરની અવગણના ન કરી શકીએ, તેથી હવે અમે પૂર્વથી પશ્ચિમ સુધી યાત્રા યોજીશું. જો અમે ત્યાંથી યાત્રા ન કાઢીએ તો મણિપુરના લોકોને શું સંદેશો જશે?' વેણુગોપાલે કહ્યું કે, 'અમારે માત્ર મણિપુરથી યાત્રા શરૂ કરવાની જરૂર છે.

અમે ત્યાં કોઈ અન્ય જગ્યાએથી યાત્રા શરૂ કરીશું. આ બાબતે વહેલીતકે માહિતી આપીશું. અમે પહેલા જ કહ્યું હતું કે, અમે યાત્રા કાઢીશું, તેમ છતાં તેઓ (રાજ્ય સરકાર) ના કેમ પાડી રહ્યા છે? તેઓ અમારી યાત્રાથી ડરી ગયા છે, તેથી જ મંજૂરી આપી નથી.' કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પણ કહ્યું કે, 'યાત્રા ઈમ્ફાલથી જ શરૂ થશે. અમે પેલેસ ગ્રાઉન્સ નહીં તો અન્ય જગ્યા માટે મંજૂરી માંગી છે. આશા છે કે, મંજૂરી અપાશે. અમે એક વેબસાઈટ પણ તૈયાર કરાઈ છે, જેમાં યાત્રા સંબંધિત તમામ વિગતો અપાશે.

આ માટે એક પેમ્ફલેટ પણ જારી કરાયું છે.' ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા ૧૪મી જાન્યુઆરીથી ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડથી યોજાવાની હતી, જોકે તે પહેલા રાજ્ય સરકારે મંજૂર ન આપતા કોંગ્રેસે નવો તક્ષો ઘડ્યો છે અને યાત્રા શરૂ કરવા મણિપુરના ઈમ્ફાલમાં જ અન્ય જગ્યા માટે મંજૂરી માંગી છે.

### આ ડેમ બન્યો ખેડૂતો માટે વરદાન

# શેત્રુંજી ડેમમાં ૩૧ ફૂટ ૭ ઇંચ પાણીનો જથ્થો ઉપલબ્ધ

## તળાજા, મહુવા, ઘોઘા, સહિત ની ૧૧,૫૦૦ હેક્ટર જમીનમાં નહેર મારફતે પાણી પહોંચાડવામાં આવે છે

ભાવનગર, તા.૧૦

ભાવનગર જિલ્લામાં રવિ પાક અને ઉનાળુ પાકની વાવણી માટે ખેડૂતો આગામી ૮ મહિના શેત્રુંજી ડેમમાંથી પાણી મેળવી શકશે. આ વર્ષે સારો વરસાદ થતા ડેમમાં પાણીની સારી આવક થઈ હતી. ડેમના પાણીથી આ વર્ષે તળાજા, મહુવા, ઘોઘા, સહિતની ૧૧,૫૦૦ હેક્ટર જમીનમાં નહેર મારફતે પાણી પહોંચાડવામાં આવ્યું હતું. ભાવનગર જિલ્લાના પાલીતાણામાં શેત્રુંજી ડેમ આવેલો છે. આ ડેમની ઊંચાઈ ૩૨.૦૨ મીટરની છે. ડેમનું બાંધકામ ૧૯૫૫માં કરવામાં આવ્યું હતું. ડેમમાં ૫૯ દરવાજા લગાવવામાં આવ્યા છે. શેત્રુંજી નદી પર પાલીતાણા નજીક રાજસ્થળી ગામે બંધ આવેલો છે. સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર એ.એમ. બાલધીયાનાં જણાવ્યા મુજબ હાલ શેત્રુંજી ડેમમાં ૩૧ ફૂટ ૭ ઈંચ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. તળાજા, મહુવા, ઘોઘા, સહિત ની ૧૧,૫૦૦ હેક્ટર જમીનમાં નહેર મારફતે પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં હાલ પાણીનો પૂરતો જથ્થો હોવાથી ખેડૂતો શિયાળો અને ઉનાળુ પાક સારી રીતે લઈ શકે છે.

આ વર્ષે ચોમાસામાં માલણ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમમાંથી ૨ નેહરો મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણીનું વિતરણ કરવામાં આવે છે. આ ડેમનું સંપૂર્ણ મેનેજમેન્ટ ભાવનગરથી કરવામાં આવે છે. આ ડેમમાં સિંચાઈ પાણીથી મગફળી, ડુંગળી, કેળ, શાકભાજી જેવા ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું.

### શિંદે જૂથના ધારાસભ્યો સંદર્ભે અધ્યક્ષનો ચુકાદો

# મહારાષ્ટ્રમાં શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોની માન્યતા અકબંધ

## ઉદ્ધવ ઠાકરેએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યા બાદ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષને ચુકાદા માટે કહ્યું હતું

મુંબઈ, તા.૧૦

શિવસેના ધારાસભ્યની ગેરલાયકાતનો ચુકાદો લાઈવઃ વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગેનો તેમનો ચુકાદો આપી દીધો છે. શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા પર નિર્ણય લેવામાં આવ્યો છે. લગભગ દોઢ વર્ષ પહેલા મહારાષ્ટ્રમાં શિવસેનામાં બળવો થયો હતો, ત્યારબાદ શિવસેનાના ઉદ્ધવ જૂથે મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત તેમના જૂથના ૩૯ બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હવે ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા પર નિર્ણય લેવાનો હતો.

અહીં, શિંદે જૂથ ઉદ્ધવ ઠાકરે જૂથના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે સુપ્રીમ કોર્ટમાં પણ ગયો હતો. તેના પર સુપ્રીમ કોર્ટે અયોગ્યતાનો નિર્ણય વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને સોંપ્યો હતો. મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર આજે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને તેમના જૂથના ધારાસભ્યો વિરુદ્ધ ગેરલાયકાતના કેસમાં ચુકાદો આપ્યો છે. લગભગ ૧૮ મહિના પહેલા શિંદે સહિત ૩૯ ધારાસભ્યોએ તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો હતો, જેના કારણે ૫૭ વર્ષ જૂની પાર્ટી શિવસેનામાં ભાગલા પડ્યા હતા અને મહાવિકાસ અઘાડીની સરકાર પડી ગઈ હતી.

આ ઘટના બાદ બંને જૂથોએ એકબીજાના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માગણી કરતી અરજીઓ કરી હતી. મહારાષ્ટ્ર વિધાનસભામાં અયોગ્યતાના કેસમાં સ્પીકર રાહુલ નાર્વેકર ચુકાદો આપ્યો છે. તેમણે કહ્યું કે ૧૯૯૯ના બંધારણને ધ્યાનમાં રાખવું પડશે કારણ કે ૨૦૧૮નું બંધારણ ઈસીઆઈ સમક્ષ અસ્તિત્વમાં ન હતું. સ્પીકરે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા વિવિધ સોગંદનામાને ધ્યાનમાં લીધા છે અને પક્ષકારોની દલીલો પર આધાર રાખ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ઈસીઆઈસમક્ષ બંધારણ પર વિચાર કરવો પડશે અને તેથી આ માંગ કરવામાં આવી છે. ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના મામલામાં પોતાનો નિર્ણય સાંભળતા મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું, 'ઉદ્ધવ ઠાકરે પાસે એકનાથ શિંદેને હટાવવાની સત્તા નથી.

શિવસેના પ્રમુખને પક્ષના કોઈપણ નેતાને હટાવવાનો અધિકાર નથી. એકનાથ શિંદેને વિધાયક દળના નેતા પદેથી હટાવવાનો નિર્ણય સ્વીકારી શકાય નહીં.

### વચગાળાના બજેટમાં આ વધારાની જાહેરાત કરવામાં આવી શકે છે

# મહિલા ખેડુતને વર્ષે મળશે ૧૨ હજાર, ટૂંક સમયમાં થશે જાહેરાત

## દેશના ૧૧ કરોડ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે, આ યોજના દ્વારા નવેમ્બર સુધી ૧૫ હપ્તામાં ૨.૮૧ લાખ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૧૦

દેશમાં આ વર્ષે લોકસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે પહેલા મહિલા ખેડૂતોને મોટા સમાચાર મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા ખેડૂતોને આપવામાં આવતી વાર્ષિક સન્માન નિધિને બમણી કરવા જઈ રહ્યા છે. જો આમ થશે તો મહિલા ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે ૧૨,૦૦૦ રૂપિયા મળશે.

હાલમાં દેશભરના ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા સન્માન નિધિ તરીકે આપવામાં આવે છે. રોઈટર્સે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં સન્માન નિધિને બમણી કરવાની જાહેરાત કરી શકે છે. આ સાથે સરકારને સામાન્ય ચૂંટણીમાં મહિલા મતદાતાઓનું ભારે સમર્થન મળી શકે છે. સૂત્રોને ટાંકીને આ અહેવાલ મુજબ ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા વચગાળાના બજેટમાં આની જાહેરાત કરવામાં આવનાર છે. આ નિર્ણયથી સરકાર પર લગભગ ૧૨ હજાર કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. પીએમ મોદીએ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા કિસાન સન્માન નિધિ (પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ) આપવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં દેશના ૧૧ કરોડ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

આ યોજના દ્વારા નવેમ્બર સુધી ૧૫ હપ્તામાં ૨.૮૧ લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. બાર્કલેઝ ઈન્વેસ્ટમેન્ટ બેંકના અર્થશાસ્ત્રી રાહુલ બાજોરિયાએ જણાવ્યું હતું કે કિસાન સન્માન નિધિમાં વધારો કરવાથી મહિલાઓને મોટો ટેકો મળશે. તેનાથી તેમની આર્થિક શક્તિમાં પણ વધારો થશે. રિપોર્ટમાં એક સૂત્રએ જણાવ્યું હતું કે કોઈપણ સરકારી યોજનામાં મહિલાઓને આપવામાં આવતી રોકડ સહાયને બમણી કરવાનો કોઈ દાખલો નથી. તેનાથી ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓની સ્થિતિ વધુ મજબૂત થશે. જો કે, કૃષિ મંત્રાલય અને નાણા મંત્રાલયે આ મુદ્દે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. હાલમાં દેશમાં ૨૬ કરોડ ખેડૂતો છે. તેમના પરિવારોને કારણે તેઓ એક મોટી વોટ બેંક છે.

સરકારી આંકડા મુજબ દેશની ૧૪૨ કરોડની વસ્તીમાં મહિલાઓની સંખ્યા લગભગ ૬૦ ટકા છે. પરંતુ, માત્ર ૧૩ ટકા જમીન માલિકો છે. આ જ કારણ છે કે સન્માન નિધિને બમણી કરવા છતાં સરકારને બહુ ફરક નહીં પડે.

### નોઈડામાં ક્રિકેટ મેચ દરમિયાનની કમનસીબ ઘટના

# ચાલુ ક્રિકેટ મેચમાં ૩૪ વર્ષના ખેલાડીનું હાર્ટએટેકથી મોત

## મૃતકનું નામ વિકાસ નેગી છે, તે એક એન્જિનિયર હતો

નોઈડા, તા.૧૦


નોઈડામાં ક્રિકેટ મેચ દરમિયાન એક ૩૪ વર્ષીય ખેલાડીનું હાર્ટ એટેકના કારણે મૃત્યુ થયું હતું. મૃતકનું નામ વિકાસ નેગી છે. તે એક એન્જિનિયર હતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નોઈડાના સેક્ટર ૧૩૫માં બનેલા સ્ટેડિયમમાં માવરિક-૧૧ અને બ્લેઝીંગ બુલ્સની ટીમ વચ્ચે એક ક્રિકેટ મેચ રમાઈ હતી. માવરિક-૧૧ની બેટિંગ દરમિયાન ઉમેશ કુમાર અને વિકાસ નેગી ક્રિઝ પર હતા. ઉમેશે ૧૪મી ઓવરના ૫માં બોલ પર શોટ ફટકાર્યો અને નોન-સ્ટ્રાઈકર એન્ડ પર રહેલો વિકાસ રન લેવા દોડ્યો. બોલ બાઉન્ડ્રી સુધી પહોંચી ગયો અને ઉમેશ સાથે હાથ મિલાવીને વિકાસ પાછો ફરવા લાગ્યો ત્યારે જ અચાનક તે પિચ પર ઢળી પડ્યો. તેને જોઈ સૌથી પહેલા વિકેટકીપર તેની પાસે દોડી આવ્યો, ત્યારબાદ બોલર અને બેટ્સમેન પણ તેની તરફ દોડ્યા. તમામ ખેલાડીઓ વિકાસના આસપાસ એકઠા થઈ ગયા હતા. ખેલાડીઓએ તેણે ઝઁઈ આપ્યું હતું. ત્યારબાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. વિકાસ મૂળ ઉત્તરાખંડનો હતો. હાલમાં તે દિલ્હીના રોહિણીમાં રહેતો હતો. તે નોઈડાની એક કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતો હતો.

હેપ્પી બર્થ-ડે...

આજરોજ તા. ૧૧/૦૧/૨૦૨૪ એ વ્હાલી મૌલીનો જન્મદિવસ હોય તો તે નિમિત્તે ...

અંતરના આર્શિવાદથી

ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન.




### ખેડૂતોમાં ચિંતાનો માહોલ

# સુરત, વડોદરા, પંચમહાલના અનેક વિસ્તારોમાં માવઠું

વડોદરા, તા.૧૦

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ભરશિયાળામાં માવઠું થવાની આગાહી કરી હતી. આ આગાહી વચ્ચે મંગળવાર રાતથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરા, શિનોરસ પાવાગઢ, વલસાડ, દાહોદ, સુરત, નવસારીના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. જ્યારે અનેક વિસ્તારોમાં આજે સવાર સુધીમાં સામાન્ય વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યા બાદ કપરાડા અને ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ભર શિયાળે વરસાદથી ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. દિવસભર વાદળછાયું વાતાવરણ છવાયુ હતુ જોકે, છેલ્લા બે દિવસથી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. મંગળવારે સવારે પણ ઉમરગામ વાપી સહિત જિલ્લાના અન્ય કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સુરતના ઓલપાડ તાલુકાનાં કેટલાક વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ પડ્યા હતા. હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી આપી હતી જેના પગલે ઓલપાડ તાલુકામાં મોડી સાંજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ઓલપાડનાં સોંદામીઠાં ટકારમાં ભટગામ સહિતનાં વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ થયા હતા. નવસારી જિલ્લામાં માવઠું થયુ હતુ.

બિલીમોરામાં મોડી રાત્રે કમોસમી વરસાદ ખાબક્યો હતો. બિલીમોરાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાતા ભરશિયાળે વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતની સાથે વડોદરા શહેરમાં પણ વરસાદનું આગમન થયુ હતુ. આજે વહેલી સવારે વરસાદી માવઠાને પગલે વાતાવરણ ઠંડુગાર બન્યુ હતુ. વરસાદી માવઠાને પગલે શહેરીજનો વિમાસણમાં મુકાયા હતા કે, ગરમ વસ્ત્રો પહેરવા કે પહેરવો રેઈનકોટ? વહેલી સવારે નોકરીયાત વર્ગ અને સ્કુલ કોલેજ જતા વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી માવઠાને પગલે ઉભા પાકને પણ નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરાના શિનોર પંથકમાં એકાએક વાતાવરણમાં આવ્યો પલટો હતો. શિનોરના તરવા, કુકશ સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ પ્રસર્યો હતો. કમોસમી વરસાદ વરસતાની સાથે જ વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. વીજળી ગુલ થતાં તરવા,કુકશ સહિતના ગામોમાં અંધારપટ છવાયો હતો. યાત્રાધામ પાવાગઢમાં પણ વરસાદ વરસ્યો હતો. ત્યાં વરસાદની વચ્ચે સવારે ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. ધુમમ્સ અને વાદળ જાણે માતાજીના મંદિર પરિસરમાં ભક્તોનું સ્વાગત કરતાં હોય એવો અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો. મોડી રાત્રે મૂળાની કાપડી,ગજાપુરા,કાંટુ સહિત દાહોદ જિલ્લાના છેવાડા ના વાવ લવારીયા ,કાકલપુર સહિતના ગામોમાં મોડી રાત્રે અને વહેલી સવારે કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

### રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભાજપની ઈવેન્ટ

# સોનિયા-ખડગે અને અધિર રંજન અયોધ્યા નહીં જાય

## વર્ષોથી ભાજપ અને આરએસએસએ અયોધ્યામાં રામ મંદિરને રાજકીય પ્રોજેક્ટ બનાવી દીધો હોવાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૧૦

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓની ભાગીદારી અંગે ચાલી રહેલી અટકળો અને તણાવનો અંત આવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આ સમગ્ર કાર્યક્રમને આરએસએસ અને ભાજપની ઈવેન્ટ ગણાવ્યો છે.

કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટ કર્યુ છે કે સોનિયા ગાંધી કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ કાર્યક્રમમાં હાજરી આપશે નહીં. આ સાથે લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન પણ ભાગ લેશે નહીં.

આ નેતાઓએ રામ મંદિરના અભિષેકને લગતા આમંત્રણને ફગાવી દીધું છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક નિવેદન જારી કરીને કહ્યું કે, "ગયા મહિને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળના નેતા અધીર રંજન ચૌધરીને અયોધ્યામાં રામ મંદિરના ઉદ્‌ઘાટન માટે આમંત્રણ મળ્યું હતું. કરોડો ભારતીયો ભગવાન રામની પૂજા કરે છે. ધર્મ એ માણસની અંગત બાબત રહી છે, પરંતુ વર્ષોથી ભાજપ અને આરએસએસએ અયોધ્યામાં રામ મંદિરને રાજકીય પ્રોજેક્ટ બનાવી દીધો છે. તેમણે વધુમાં કહ્યું કે, "એ સ્પષ્ટ છે કે અર્ધ-નિર્મિત મંદિરનું ઉદ્‌ઘાટન માત્ર ચૂંટણીલક્ષી લાભ મેળવવા માટે કરવામાં આવી રહ્યું છે. માનનીય સર્વોચ્ચ અદાલતના ૨૦૧૯ના નિર્ણયને સ્વીકારીને અને લોકોની આસ્થાને માન આપીને, મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, અધીર રંજન ચૌધરીએ આ કાર્યક્રમ માટે ભાજપઅને આરએસએસના આમંત્રણનો આદરપૂર્વક અસ્વીકાર કર્યો. હકીકતમાં, ૨૨ જાન્યુઆરીએ યોજાનાર રામ મંદિર પ્રાણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુપીના સીએમ યોગી આદિત્યનાથ સહિત ૬ હજારથી વધુ લોકો ભાગ લેશે. સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને અધીર રંજન ચૌધરી ઉપરાંત, તાજેતરમાં સૂત્રોના અનુસાર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે નહીં.

### ગુજરાત ગ્લોબલ સમિટમાં વિશ્વના અનેક મહાનુભાવોની હાજરી

# ભારત વિશ્વમિત્રની ભૂમિકા ભજવી રહ્યું છે : નરેન્દ્ર મોદી

### ભારતના આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે, ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવું લક્ષ્ય બનાવાયું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સમિટમાં સંબોધન




ગાંધીનગર, તા.૧૦

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલલ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ નિવેદન આપતા જણાવ્યુ કે ભારતના આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે. ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવુ લક્ષ્ય બનાવાયુ છે. તેથી જ અત્યારનો કાળ ભારતનો અમૃત કાળ છે.

યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદના આ કાર્યક્રમમાં સામેલ થવુ એ ગર્વની વાત છે. ભારત અને યુએઈના સંબંધ દિવસે દિવસે મજબૂત થઈ રહ્યા છે. તેમનું આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેવુ એ ભારત અને યુએઈના દિવસે દિવસે મજબૂત થતા આત્મીય સંબંધોનું પ્રતીક છે.

કેટલાક દિવસ પહેલા અમે તેમના વિચાર સાંભળ્યા. ભારત માટે તેમનો વિશ્વાસ, તેમનો સહયોગ, ખૂબ જ ગર્મજોશીથી ભરેલો છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારી અને અનુભવો દર્શાવવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બની રહ્યુ છે. આ સમિટમાં ભારત અને યુએઈએ ફૂડ પાર્ક્સના વિકાસ માટે રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે, ઈનોવેટિવ હેલ્થ કેરમાં રોકાણ માટે ઘણા મહત્વપૂર્ણ કરાર કર્યા છે. ઈન્ફ્રાસ્ટ્રકચર માટે યુએઈની કંપનીઓ દ્વારા ઘણા મિલિયન ડોલરના નવા રોકાણ માટે સહમતિ બની છે.

પીએમ મોદીએ જણાવ્યુ કે, ભારત-યુએઈવચ્ચે મહત્વના એમઓયુથયા છે. ભારત-આફ્રિકા વચ્ચેના સંબંધો મજબૂત થયા છે. ભારતનું દરેક ક્ષેત્ર પર ફોકસ રહ્યું છે. જી-૨૦ સમિટમાં આફ્રિકન યુનિયનને સદસ્યતા છે. દેશ દરેક ક્ષેત્રમાં તેજીથી વિકાસ કરી રહ્યો છે. આ સમિટે નવા આઈડીયાને પ્લેટફોર્મ આપ્યુ છે. ગ્લૉબલ ફ્યુચર માટે ભારતે દુનિયાને રોડમેપ આપ્યો છે. વન વર્લ્ડ, વન ફેમિલી, વન ફ્યૂચરનો સિદ્ધાંત આવશ્યક છે. ભારત વિશ્વ મિત્રાની ભૂમિકામાં આગળ વધ્યુ છે. વિશ્વ કલ્યાણ માટે ભારતની પ્રતિબદ્ધા, નિષ્ઠા અને ભારતનો પ્રયાસ છે. વિશ્વ કલ્યાણ માટે ભારતનો પ્રયાસ વિશ્વને સમૃદ્ધ બનાવે છે.

પીએમ મોદીએ સંબોધનમાં આગળ જણાવ્યુ હતુ કે, વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટમાં તમામ લોકોને આવકારુ છે, વાઈબ્રન્ટ ગ્લૉબલ સમિટમાં મોદી મોદી થયુ હતુ. વાઈબ્રન્ટ સમિટના મહેમાનોનો પીએમએ માન્યો આભાર. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ઉદઘાટન કર્યુ અને ગુજરાતને 'વાઈબ્રન્ટ ગિફ્ટ' આપી હતી. આગળના ૨૫ વર્ષના લક્ષ્ય પર ભારતનું કામ ચાલી રહ્યું છે. આઝાદીના ૧૦૦ વર્ષમાં વિકસિત ભારતનું લક્ષ્ય છે. હવેના ૨૫ વર્ષ ભારત માટે અમૃતકાળ રહેશે. નવા સપના, નવા સંકલ્પનો કાર્યકાળ છે. હવેના ૨૫ વર્ષ ભારત માટે ખુબ મહત્વના છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લૉબલ સમિટમાં પીએમ મોદીએ સંબોધન કર્યુ, તેમને સૌથી પહેલા વાઈબ્રન્ટ સમિટમાં પધારેલા તમામ મહેમાનોનું સ્વાગત અને આભાર વ્યક્ત કર્યો હતો. પીએમે કહ્યું કે, મારા ભાઈ યુએઈના રાષ્ટ્રપતિનો આભાર માનુ છે, ભારત-યુએઈવચ્ચે આત્મીય સંબંધ છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ગ્લોબલ પ્લેટફોર્મ છે. ભારત-યુએઈના સંબંધો સતત મજબૂત થયા છે. ૨૫ વર્ષમાં ભારતને વિકસીત બનાવવાનો સંકલ્પ છે. ભારત-યુએઈવચ્ચે મહત્વના એમઓયુથયા છે. સમિટના મહેમાનોનું સ્વાગત કરતાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ કહ્યું છે કે પીએમએ સમિટને માત્ર બિઝનેસ બ્રાન્ડિંગ માટે જ નહીં, પરંતુ બિઝનેસ બોન્ડિંગ માટે પણ તક બનાવી છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ની શરૂઆત વાઈબ્રન્ટ મ્યુઝિક પર્ફોર્મન્સ સાથે થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કર્યું.

વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના પ્રસિડેન્ટ, પ્રધાનમંત્રી સહિતના રાજનેતા અને મંત્રીઓ હાજર રહેવાના છે. સાથે જ ૫૦થી વધુ મહાનુભાવો વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન સમારોહમાં ખાસ હાજર રહ્યા. મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, લક્ષ્મી મિત્તલ, પંકજ પટેલ, દિલીપ સંઘવી, એન. ચંદ્રશેખરન, ઉદય કોટક, કુમાર મંગલમ બિરલા સહિત દેશની ટોચ કંપનીઓના વડા હાજર રહ્યા. સમિટમાં ૩૪ દેશો અને ૧૬ સંસ્થાઓ ભાગ લીધો છે.

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનનું સંબોધન

# ગુજરાતી હોવાનો મને ખૂબ જ ગર્વ છે : મુકેશ અંબાણી

### વિદેશીઓ નવા ભારત વિશે વિચારે છે ત્યારે તેઓ એક નવા ગુજરાત અંગે વિચારે છે: રિલાયન્સના ચેરમેન

ગાંધીનગર, તા.૧૦

આજે ગુજરાતના પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિરના કન્વેન્શન હોલમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ થઈ ચૂક્યો છે જેમાં ૩૪ દેશો અને ૧૬ સંસ્થાઓ ભાગ લઈ રહી છે. આ સમિટનું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીના હસ્તે થનાર છે ત્યારે આ પ્રસંગે રાજ્યના મુખ્યંમત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ચ દેવવ્રત સહિત બિઝનેસ પ્રતિનિધિમંડળા, રાજદ્વારીઓ, વીઆઈપી મહાનુભાવો સહિત ૨૫ હજારથી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત છે.

આજથી બે દિવસ ચાલનારા ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીના હસ્તે થનાર છે જેની થીમ ગેટવે ટુ ફ્યુચર છે. આ ઉદ્ઘાટન પહેલા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ સંબોધન કર્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે એકપણ એવું સમિટ નથી જે આટલા સમય સુધી સતત ચાલતું રહ્યું હોય અને હું એવા કેટલાંક લોકોમાંથી છું જે દરેક સમિટમાં ભાગ લઈ શક્યો છું. આ સિવાય તેમણે ગુજરાતની એક વાક્ય બોલતા કહ્યું કે ગુજરાતી હોવાનો મને ગર્વ છે. મુકેશ અંબાણીએ પોતાના દિવગંત પિતાને યાદ કરતા જણાવ્યું હતું કે તેમના પિતા નાનપણમાં કહેતા હતા કે ગુજરાત હંમેશા તમારી કર્મભૂમિ રહેશે. આ સાથે તેમણે કહ્યુ કે, જ્યારે વિદેશીઓ નવા ભારત વિશે વિચારે છે ત્યારે તેઓ એક નવા ગુજરાત અંગે વિચારે છે. વડાપ્રધાન મોદી વિશે તેમણે કહ્યું કે પીએમ મોદી, ભારતના ઈતિહાસમાં સૌથી સફળ પીએમ છે અને તેઓ જે વિઝન કરે છે તેનું અમલીકરણ કરે છે.

આ પહેલા ગુજરાતના મુખ્યમંત્રીએ પ્રારંભિક સંબોધન કર્યું હતું જેમા તેમણે કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪માં ૩૪ ભાગીદાર દેશો અને ૧૩૦થી વધુ દેશોના પ્રતિનિધિઓનું સ્વાગત કરું છું. આ સિવાય તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'નો વિચાર વિશ્વ સમક્ષ લીધો છે. ભારતના જી૨૦ પ્રમુખપદની સફળતાએ દેશને ગૌરવ અપાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં ૪ દેશના રાષ્ટ્રપ્રમુખ આવ્યા છે, તો બીજી તરફ વિવિધ દેશોની ૨૦૦ કંપનીઓના સીઈઓ તેમજ ૭૫ જેટલા ગ્લોબલ કંપનીઓના સીઈઓપણ પહોંચ્યા છે. યુએઈ, યુએસએ, જાપાન, સિંગાપોર, ફ્રાન્સ, જર્મની સહિતના દેશના સીઈઓ આવશે.

### શેરબજારમાં દિવસભર અસ્થિર કારોબાર જોવા મળ્યો

# સેન્સેક્સમાં ૨૭૧, નિફ્ટીમાં ૭૯ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

### સિપ્લા, અદાણી એન્ટરપ્રાઇઝ, એચસીએલ ટેક અને અદાણી પોર્ટ્સના શેરમાં સારો ઉછાળો નોંધાયો

મુંબઈ, તા.૧૦

શેરબજારનો કારોબાર બુધવારે ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો. દિવસભરના અસ્થિર કારોબાર બાદ બીએસઈસેન્સેક્સ ૨૭૧ પોઈન્ટના વધારા સાથે ૭૧૬૫૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૭૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૬૨૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. શેરબજારમાં દિવસના અસ્થિર વેપાર દરમિયાન, મીડિયા પેક ૪ ટકા વધ્યો હતો જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સ ૧ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો.

બુધવારે શેરબજારનો કારોબાર ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો હતો. બુધવારે નિફ્ટી બેંક, નિફ્ટી આઈટી, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી મિડ કેપ ૧૦૦ જેવા સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો. જો આપણે શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, સિપ્લા, અદાણી એન્ટરપ્રાઈઝ, એચસીએલ ટેક અને અદાણી પોર્ટ્સના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો.

કોચીન શિપયાર્ડના શેર ૯ જાન્યુઆરી, મંગળવારના રોજ રૂ. ૧૩૩૯ના સ્તરે હતા, જે હવે બે ભાગમાં વહેંચાયેલા છે. બુધવાર, જાન્યુઆરી ૧૦એ કોચીન શિપયાર્ડના શેરના વિભાજનની રેકોર્ડ તારીખ છે. કોચીન શિપયાર્ડ લિમિટેડના ?૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા શેરને ?૫ના ફેસ વેલ્યુના બે શેરમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે.

શેરબજારમાં નબળાઈ દર્શાવતા શેરની વાત કરીએ તો ઓએનજીસી, ડિવિઝ લેબ, એનટીપીસી અને બીપીસીએલના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૮ના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે એસીસીલિમિટેડ અને અદાણી વિલ્મરના શેર નબળાઈ પર બંધ થયા હતા.

શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો આશાનિષા ઈન્ડસ્ટ્રીઝ, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈઆરસીટીસી, આઈસીઆઈસીઆઈબેંક, ટાટા મોટર્સ, એસબીઆઈકાર્ડ, એચડીએફસીબેંક, ફેડરલ બેંક અને દેવયાની ઈન્ટરનેશનલના શેરમાં વધારો રહ્યો હતો જ્યારે મારુતિ સુઝુકી, મુથૂટ ફાઈનાન્સ, ઈન્ફોસિસ, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક, પતંજલિ ફૂડ્સ અને ગરવારે ટેકનિકલ ફાઈબર્સમાં નબળાઈ જોવા મળી હતી. બુધવારે સર્વોટેક પાવર, ગલ્ફ ઓઈલ, હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સ, એલઆઈસીઅને પેટીએમના શેરમાં નજીવો વધારો થયો હતો જ્યારે કજરિયા સિરામિક્સ, આઈટીસી, ઈરડા, પંજાબ નેશનલ બેંક, ગેઈલ, ઈન્ડિયન ઓઈલ, ડીપી વાયર્સ, વોકહાર્ટ લિમિટેડ, સાઉથ ઈન્ડિયન બેંક, બંધન બેંક. બીસીએલઈન્ડસ્ટ્રીઝ અને કેમ બાઉન્ડ કેમિકલ્સના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

### ભારતીય અર્થતંત્રનું અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન

# ભારતનો વિકાસદર જોરદાર રહેવાનો વર્લ્ડ બેંકને ભરોસો

### વર્લ્ડ બેંકનું અનુમાન છે કે ૨૦૨૪-૨૫માં વૈશ્વિક મંદી પછી પણ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહી શકે છે

નવી દિલ્હી, તા.૧૦

વર્તમાન સમયમાં ભારતીય અર્થતંત્રનું અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન રહ્યું છે.

હાલમાં જ સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દરના અંદાજ વધારો કર્યો છે. તેમજ વર્લ્ડ બેંકને લાગે છે કે ભારતની આ સ્થિતિ અકબંધ રહેશે, વૈશ્વિક મંદી હોવા છતાં પણ આવનાર વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થા જોરદાર ગતિએ આગળ વધશે.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ (એનએસઓ) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ફર્સ્ટ એડવાન્સ અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૩ ટકા રહી શકે છે. આ અંદાજ રિઝર્વ બેંકે આપેલા અંદાજ કરતા વધુ છે. રિઝર્વ બેંકે ડિસેમ્બર ૨૦૨૩ના એમપીસીપછી કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહી શકે છે. ૭ ટકાનો વિકાસ દર એવું દર્શાવે છે કે ભારત વર્તમાન સમયમાં દુનિયામાં સૌથી વધુ વિકાસ કરતુ અર્થતંત્ર છે. વર્લ્ડ બેંકનું અનુમાન છે કે ૨૦૨૪-૨૫માં વૈશ્વિક મંદી પછી પણ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહી શકે છે. જેના પરથી એવું કહી શકાય કે ભારત પર વૈશ્વિક મંદીની અસર પડશે પરતું તે અસર મર્યાદિત રહેશે. જો કે, વિશ્વની અન્ય કોઈપણ મોટી અર્થવ્યવસ્થાની તુલનામાં ભારતનો ૬.૪ ટકાનો વિકાસ દર પણ સૌથી વધુ હશે. વર્લ્ડ બેંકે તેના તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સના રિપોર્ટમાં કહ્યું છે કે આવનારા વર્ષોમાં ભારતમાં રોકાણમાં થોડો ઘટાડો થવા છતાં રોકાણ મજબૂત રહેશે. ભારતમાં રોકાણને સરકારી રોકાણમાં વધારો અને કોર્પોરેટ બેલેન્સ શીટ્સ દ્વારા ટેકો મળશે. વર્તમાન નાણાકીય વર્ષ પરથી કહી શકાય કે ભારતીય અર્થતંત્ર માટે વર્લ્ડ બેંકનો વિકાસ અંદાજ રિઝર્વ બેંક અને એનએસઓકરતા ઘણો ઓછો છે. જેમાં વર્લ્ડ બેંકે રિઝર્વ બેંકના ૭ ટકા અને એનએસઓના ૭.૩ ટકાની તુલનામાં ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો છે. જો કે ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ પણ અન્ય અર્થતંત્રાની તુલનામાં સૌથી વધુ છે. પરતું તેમ છતાં વર્લ્ડ બેંકે વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૨૦૨૩માં ૨.૬ ટકાના અંદાજની સરખામણીએ ૨૦૨૪માં ઘટીને ૨.૪ ટકા થવાની આગાહી કરી છે. આ સાથે જ વર્લ્ડ બેંકે આ સમયને છેલ્લા ૩૦ વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાનો સૌથી નબળો અડધો દાયકા ગણાવ્યો છે.

### હૈદરાબાદમાં દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોનનું અનાવરણ

# સ્વદેશી માનવરહિત ડ્રોન નૌસેનામાં સામેલ કરાશે

### આ ડ્રોન ૩૬ કલાક એન્ડ્યોરેન્સ, ૪૫૦ કિલોગ્રામ પેલોડ ક્ષમતા ધરાવતું ઈન્ટેલિજન્સ અને સર્વેઇલન્સ પ્લેટફોર્મ

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય નૌસેનાના વડા એડમિરલ આર.હરિકુમારે હૈદરાબાદમાં દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોનનું અનાવરણ કર્યું હતું. આ માનવરહિત ડ્રોન (યુએવી)ને નૌસેનામાં સામેલ કરાશે.

દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોન અત્યાધુનિક યુએવીયુદ્ધમાં અનુકૂળ આવે તેવું અને સ્વદેશી એડવાન્સ્ડ એરિયલ ટેક્નિકથી સજ્જ છે. આ ડ્રોન ૩૬ કલાક એન્ડ્યોરેન્સ, ૪૫૦ કિલોગ્રામ પેલોડ ક્ષમતા ધરાવતું ઈન્ટેલિજન્સ અને સર્વેઈલન્સ (આઈએસઆર) પ્લેટફોર્મ છે.

આ એકમાત્ર સૈન્ય પ્લેટફોર્મ છે જે તમામ ઋતુમાં બંને હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરી શકે છે. કંપનીએ કહ્યું છે કે નૌસેનાના સમુદ્ર અભિયાનોમાં સામેલ થવા માટે આ ડ્રોન હૈદરાબાદથી પોરબંદર સુધી ઉડાન ભરશે.

ભારતમાં સંપૂર્ણપણે સ્વદેશી રીતે તૈયાર કરાયેલું દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનરને નૌસેનાનું સોંપી દેવાયું છે. તે દેશમાં બનાવાયેલું પહેલું યુએવી દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર છે. આ પ્રસંગે એડમિરલ આર. હરિકુમારે કહ્યું કે 'આ એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે.

આ આઈએસઆર ટેક્નોલોજી અને સમુદ્રી વર્ચસ્વમાં આત્મનિર્ભરતાની દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. આપણા નૌસેના અભિયાનોમાં દૃષ્ટિ ૧૦ સામેલ થવાથી આપણા નૌસૈનિકોની ક્ષમતા વધશે અને સતત બદલાતા સમુદ્રી પેટ્રોલિંગ અને સર્વેઈલન્સ સિસ્ટમમાં આપણી તૈયારી વધુ મજબૂત થશે.'

### ચાલુ વર્ષે અકસ્માતના કેસમાં ૨૬ ટકા વધારો થવા વકી

# ઉત્તરાયણના તહેવારને લઈને ૧૦૮ ઈમરજન્સી દ્વારા તૈયારીઓ કરાઈ

અમદાવાદ, તા.૧૦

ઉત્તરાયણનાં તહેવારને હવે ગણતરીનાં દિવસ બાકી છે. ત્યારે પતંગ લૂંટવાની લ્હાયમાં ધાબા પરથી પડવાનાં તેમજ વાહન ચાલકોને દોરી વાગવાનાં અસંખ્ય કિસ્સાઓમાં લોકોને તાત્કાલિક સારવાર ન મળતા જીવ ગુમાવવો પડે છે. ત્યારે કોઈને જીવ ગુમાવવો ન પડે તે માટે ઈમરજન્સી ૧૦૮ દ્વારા ઉત્તરાયણનાં તહેવારને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ગળામાં દોરી આવી જવાના કેસમાં પણ નોંધપાત્ર વધારો ઈમરજન્સી ૧૦૮ દ્વારા ઉત્તરાયણનાં તહેવારને લઈ કુલ ૮૦૦ રોડ એમ્બ્યુલન્સ, ૨ બોટ એમ્બ્યુલન્સ અને ૧ એર એમ્બ્યુલન્સ તૈયાર કરી છે. ત્યારે ઉત્તરાયણનાં તહેવાર દરમ્યાન થતા અકસ્માતનાં કેસની વાત કરીએ તો ગત વર્ષ કરતા ચાલુ વર્ષે અકસ્માતનાં કેસમાં ૨૬ ટકાનો વધારો થવાની સંભાવનાં છે.

તેજ સામાન્ય દિવસની સરખામણીએ ઉત્તરાયણનાં દિવસે કેસમાં ૨૦૦ ટકાના વધારાની શક્યતા છે. તેમજ વેહિક્યુલર ટ્રોમા અને નોને વેહિક્યુલર ટ્રોમાનાં કેસ વધુ નોંધાયા છે. તો ગળામાં દોરી આવી જવાનાં કેસમાં પણ નોંધપાત્ર વધારો થાય છે.

તો બીજી તરફ ઉત્તરાયણનાં તહેવારનાં માણસ સહિત પક્ષીઓ પણ ધારદાર દોરીથી ઈજાગ્રસ્ત થતા હોય છે. ત્યારે પક્ષીઓને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે ગુજરાત પશુપાલન વિભાગ અને EMRI દ્વારા પ્રાણીઓ અને પક્ષીઓ માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં પક્ષીઓ માટે ટોલ ફ્રી નંબર ૧૯૬૨ તેમજ પક્ષીઓ માટે ૩૭ કરૂણા એમ્બ્યુલન્સ કાર્યરત કરી છે. ત્યારે ઉત્તરાયણનાં દિવસે પક્ષીઓ ઘાયલ થવાની સંખ્યામાં ખાસ્સો વધારો થાય છે. હાલ રોજની ૨૮ બર્ડ ઈંજરી સામે આવી રહી છે. ત્યારે ઉત્તરાયણનાં દિવસે ૬૬૦. જયારે વાસી ઉત્તરાયણનાં દિવસે ૪૮૦ કેસ નોંધાયા છે. ગત વર્ષે ઉત્તરાયણનાં દિવસે ૪૨૮૦ કેસ તો વાસી ઉત્તરાયણનાં દિવસે ૪૦૨૧ કેસ નોંધાયા હતા.

### યુરોપિયન ક્લાઈમેટ એજન્સી દ્વારા માહિતી અપાઈ

# ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ, ભવિષ્ય અંગે વૈજ્ઞાનિકોની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૦

યુરોપિયન ક્લાઈમેટ એજન્સી દ્વારા આપવામાં આવતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ જાહેર કરવામાં આવ્યું છે. તેમજ ઔદ્યોગિકીકરણના પહેલાની તુલનામાં સરેરાશ ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (સીઉએસ) ના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી ૨૦૨૪ માં પુરા થતા ૧૨-મહિનાના સમયગાળા દરમિયાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસની લિમીટ પણ પાર થઈ શકે છે. જે આબોહવાની અસરોમાં વધારો કરી શકે છે. પરંતુ આ વધારો લાંબા ગાળાના વોર્મિંગના કારણે થતા વધારાથી પેરિસ કરારનો નિર્દિષ્ટ ૧.૫ સેલ્સિયસની મર્યાદાનો ભંગ દર્શાવતો નથી. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે ૧૮૫૦-૧૯૦૦ના સમય ગાળાના સ્તર કરતાં પ્રથમ વખત દરરોજ સરેરાશ વૈશ્વિક તાપમાન વર્ષ ૨૦૨૩ માં એક ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. ૧૮૫૦-૧૯૦૦ના સમયગાળા કરતા ૨૦૨૩ માં લગભગ ૫૦ ટકા દિવસો ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતા. આ તાપમાન નવેમ્બર ૨ ડિગ્રી સેલ્સિયસથી વધી ગયું હતું. વર્ષ ૨૦૨૩ ૧૯૯૧-૨૦૨૦ ની સરેરાશ કરતાં ૦.૬૦ સીવધુ અને ૧૮૫૦-૧૯૦૦ના સમયગાળા કરતા ૧.૪૮ સીવધુ ગરમ જોવા મળ્યું હતું. આ બાબતે વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આમને આશા નહોતી કે વર્ષ ૨૦૨૩ આ રેકોર્ડ તોડશે, પરતું ૨૦૨૩ એ તો અત્યાર સુધીના બધા જ રેકોર્ડ તોડ્યા છે. જેના કારણે વિશ્વના મોટા ભાગોમાં હવામાનની ઘણી ગંભીર સમસ્યાઓ સર્જાશે. કેનેડા અને યુ.એસ.માં તીવ્ર ગરમી અને જંગલની આગથી લઈને લાંબા સમય સુધી દુષ્કાળ અને પછી પૂર્વ આફ્રિકાના ભાગોમાં પૂર જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે. આ હવામાન પરિવર્તન રોજિંદા ધોરણે જીવન અને આજીવિકાનો નાશ કરી રહ્યું છે. તેમજ એન્ટાર્કટિક તેમજ આર્કટિક બરફ પીગળી રહ્યો છે અને સમુદ્રના સ્તર ઊંચા આવી રહ્યા છે.

### ઈઝરાયેલી સેનાનો ગાઝા પર બોમ્બમારો યથાવત

# હમાસ-ઈઝરાયેલ યુદ્ધ બાદના પ્રસ્તાવ પર પાંચ દેશ સંમત

### ઈઝરાયેલના ફરીથી શરણાર્થી કેમ્પર હુમલામાં ૫૭નાં મોત, અમેરિકાના વિદેશ મંત્રી ચોથીવાર ઈઝરાયેલ પહોંચ્યા

તેલઅવિવ, તા.૧૦

ઈઝરાયલી સૈન્ય દ્વારા ગાઝા પર ભીષણ બોમ્બમારો યથાવત્ રહ્યો હતો. અરબ દેશોનો મેસેજ લઈને ઈઝરાયલ આવેલા અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે પણ મુલાકાત કરી હતી.

તે ગાઝા યુદ્ધ પછીના ભવિષ્યની યોજના બનાવી રહ્યા છે. જયારે ઈઝરાયલી સૈન્ય સંકટગ્રસ્ત ક્ષેત્રમાં આક્રમક રીતે આગળ વધી રહી છે. ઈઝરાયલના ભીષણા બોમ્બમારામાં ફરી એકવાર શરણાર્થી કેમ્પોને નિશાન બનાવવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે છેલ્લાં ૨૪ કલાકમાં ગાઝામાં ૫૭ જેટલાં પેલેસ્ટિનીઓ જીવ ગુમાવી ચૂક્યા છે. તેમને પોતાના માટે સુરક્ષિત સ્થાન જ મળી રહ્યા નથી. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રની ટીમે ઈઝરાયલ પર પીડિતોને મદદ કરવામાં અવરોધ પેદા કરવાનો આરોપ મૂક્યો હતો.

ગાઝા યુદ્ધ શરૂ થયા બાદથી અમેરિકાના વિદેશ મંત્રી બ્લિંકન ચોથી વખત ઈઝરાયેલ પહોંચ્યા હતા. તેઓ સંદેશો લઈને ગયા છે કે યુદ્ધ પછી ગાઝાના પુનઃનિર્માણમાં મદદ કરવા માટે જોર્ડન, કતાર, સંયુક્ત અરબ અમીરાત(યુએઈ), સાઉદી અરેબિયા અને તૂર્કીનું સમર્થન મેળવી લીધું છે. પરંતુ હમાસ હારી જાય તો ગાઝા પર સંચાલન કોણ કરશે તેને લઈને અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ભારે મતભેદ દેખાઈ રહ્યા છે. જો વર્તમાન શાસકો પરાજિત થાય તો ગાઝાને કેવી રીતે ચલાવવામાં આવશે તે અંગે અમેરિકા અને ઈઝરાયલ વિભાજિત દેખાઈ રહ્યા છે.

ઈઝરાયલી લેબનાની સરહદે ઈઝરાયલના હવાઈ હુમલામાં હિઝબુલ્લાહના ત્રણ કમાન્ડરો માર્યા ગયા હતા. દક્ષિણ લેબેનોનના નબાતિહમાં એક કાર પર મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો. આ સાથે ઈઝરાયલી સૈન્યોના ઠેકાણાઓ ઉપર પણ હિઝબુલ્લાહ દ્વારા બદલાની કાર્યવાહી કરવામાં આવી હતી.

### ઠંડીમાં ગુજરાતમાં હાર્ટ એટેકના કિસ્સા વધી ગયા

# વલસાડના નામાંકિત બિલ્ડરનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

### ગુજરાતમાં દર ૭ મિનિટે હૃદયરોગનો એક વ્યક્તિ ભોગ બને છે એટલે કે, હાર્ટ એટેક તો કોરોના કરતા પણ ખતરનાક કહી શકાય

વલસાડ, તા.૧૦

ગુજરાતમાં હાર્ટ એટેકનો રાફડો ફાટ્યો છે. વિવિધ શહેરોમાં હવે હાર્ટ એટેકથી મોતના કિસ્સા વધી રહ્યાં છે. ત્યારે વલસાડના જાણીતા બિલ્ડરનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે.

વલસાડ શહેરમાં જાણીતા બિલ્ડર પુરંજય વશી ઉર્ફે પિન્ટુભાઈનું હાર્ટ એટેકથી મોત થયું છે. તેઓ પોતાના ઘરે હતા તે દરમિયાન છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેથી તેમને વલસાડની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બિલ્ડરનું મોત નિપજ્યું છે. આમ, જાણીતા બિલ્ડરના મોતથી તમામ બિલ્ડરોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

ગુજરાતમાં ચિંતાજનક રીતે હાર્ટ એટેકની ઘટનાઓ વધી રહી છે. સૌથી ડરામણી માહિતી એ છે કે, રાજ્યમાં દર ૭ મિનિટે એક વ્યક્તિ હાર્ટ એટેકનો ભોગ બની રહી છે. જી હા, ૧૦૮ ઈમરજન્સીના આંકડામાં આ મોટો ખુલાસો થયો છે.

આંકડા કહે છે કે, ગુજરાતમાં દર ૭ મિનિટે હૃદયરોગનો એક વ્યક્તિ ભોગ બને છે. એટલે કે, હાર્ટ એટેક તો કોરોના કરતા પણ ખતરનાક કહી શકાય. ગુજરાતીઓએ કોરોનાથી નહિ, પરંતુ હાર્ટ એટેકથી સાવચેત રહેવાની જરૂરી છે. હાર્ટ એટેક માટે લાઈફસ્ટાઈલ, ફાસ્ટફૂડ, માનસિક તણાવ જવાબદાર છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામની શિક્ષણમંત્રી ડો. કુબેર ડીંડોરે મુલાકાત લીધી



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ રાજયનાં શિક્ષણ મંત્રી ડો.કુંબર ડીંડોર માતાજીના આશીર્વાદ લેવા અને દર્શન કરવા પધાર્યા હતા. તેમનું સાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ. રતિદાદા અને ભારતભૂષણ મહેશભાઈ તેમજ શીતલબેન મહેતાએ સીલ્ડ, મોમેન્ટો, ગુરૂદેવનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું. અમરેલી જિલ્લા ગાયત્રી પરિવારના પરિજનોએ પણ આદરણીય ડીંડોરનું સ્વાગત કર્યુ હતું. શાંતિકુંજથી પધારેલ બહેનોએ માતાજીનો ફોટો આપી સાહેબનું સન્માન કર્યુ હતું. ત્યારબાદ સાહેબે ગૌશાળા, કોલેજની મુલાકાત લીધી હતી. અને સંસ્થાની હરેક સેવાકીય પ્રવૃતિ બિરદાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે, મારૂ જુનું નામ છગનભાઈ હરદાસભાઈ દેવાણી માંથી છગનભાઈ હરદાસભાઈ દેવાણી કરેલ છે જેથી હવે પછી હું મારા નવા નામે છગનભાઈ હરદાસભાઈ દેવાણી તરીકે ઓળખાઈશ.

સરનામુ : મુ. હડાળા, તા. બગસરા, જી. અમરેલી. મો.નં. ૯૭૨૬૮ ૯૭૨૩૭

**CHANGE OF NAME**

I hereby declare CHHAGANBHAI HARDASBHAI DEVANI. My old name has been changed from CHAGANBHAI HARDASBHAI DEVANI. to CHHAGANBHAI HARDASBHAI DEVANI. so from now i will be known by this name. CHHAGANBHAI HARDASBHAI DEVANI.

AT : Post Hadala, Ta. Bagasara, Dist. Amreli. Mo.97268 97237


## અવસાન નોંધ



**કુંકાવાવ મોટી :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ ડોલરભાઈ દયાશંકર દવે (ઉં.વ. ૭૮) તે ચંદ્રિકાબેનના પતિ, હસમુખભાઈ, નયનાબેન પાઠક (અમરેલી) તથા સ્વ. રસિકભાઈના મોટાભાઈ તથા જીતેન્દ્ર( મુનો), યોગેશ, હિના, આરતીના પપ્પા, વિપુલ (પિન્ટુ), પુનિત (કાનો), વૈશાલી (ટીનુ)ના બાપુજી તથા જતન અને ધૈર્યના દાદાનું અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૧૨ શુક્રવારના રોજ સવારના ૯ થી સાંજના ૬ કલાક સુધી તેમના નિવાસ સ્થાન 'શારદા' શારદા શોપિંગ સેન્ટર, દેવળમાં, કુંકાવાવ મોટી ખાતે રાખેલ છે. (હસમુખભાઈ : ૯૪૦૮૨ ૯૪૪૨૪, મુન્નો મો. ૯૧૦૬૧ ૫૦૧૩૩, યોગેશ ૯૧૦૬૧ ૫૦૬૧૦, વિપુલ ૯૯૨૪૦ ૨૩૪૩૯, પુનિત ૯૮૨૫૧ ૧૫૯૧૪)

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં કસ્બાવાડમાં રહેતા

પાના ૧ ઉપરનું ચાલું

જગ્યાની માપણી કરવા સીટી સર્વેના અધિકારીઓ આવેલ હોય અને માપણી કરી લખાણ પુરૂ કરી તે જતાં રહેલ. ત્યારબાદ અમરેલીમાં રહેતા યુનુસભાઇ શકુરભાઇ મેતર, અરશદભાઇ યુનુસભાઇ મેતર નામના આરોપીઓ આવી બોલવા લાગેલ કે આ જગ્યા કોઈના બાપની નથી તેમ કહી ઝઘડો કરી બોલાચાલી કરવા લાગેલ જેથી વેપારીએ ઝઘડો કરવાની ના પાડતાં આરોપીઓ જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ઈંટોના ઢગલામાંથી એક ઈંટ લઈ હાથમાં પકડી વેપારીને માથાના ડાબી સાઇડના ભાગે મારી ઈજા કરી. ચારેક ટાકાઓ આવે તેવી ઈજા કર્યાની ફરિયાદ નોંધાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું સા.કુંડલાનાં સેંજળ ગામનાં

કલાકાર યુવકે તે જ ગામે રહેતા પૃથ્વીરાજ ખુમાણ, ગૌતમભાઇ ખુમાણ, યુવરાજભાઇ વીંછીયા, રવીરાજ વીંછીયા, નરેશ ખુમાણ, ભગીરથ જેબલીયા સહિત છ આરોપીઓ વિરૂધ્ધ આશરે બે વર્ષ પહેલા ફરીયાદ કરેલ હોય, જે ફરીયાદનો કોર્ટમાં કેસ ચાલતો હોય અને રત્ન કલાકાર યુવક તથા સાહેદ તેની મુદતે કોર્ટમાં ગયેલ હોય અને મુદત પુરી કરી પરત તેના ગામ જતા હોય ત્યારે આરોપીઓએ અગાઉની ફરીયાદનું મન દુઃખ રાખી આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ કાવતરૂ રચી આરોપીઓએ રત્ન કલાકાર તથા સાહેદ સા.કુંડલાથી પોતાના ગામ સેંજળ જતા હોય તેની રેકી કરી આરોપીઓએ એક કાળા કલરની ફોર વ્હીલ ગાડીમા જઈ રત્ન કલાકારના મોટર સાયકલને પાછળ થી ઠોકર મારી પછાડી દઈ તે ફોર વ્હીલ ગાડી ફરીથી તુરંત રીવર્સમાં લઈ રત્ન કલાકાર તથા સાહેદને મારી નાખવાના ઈરાદે ફુલ સ્પીડમાં તેની ઉપર ચડાવી દેવાનો પ્રયત્ન કરતા રત્ન કલાકાર તથા સાહેદ એકદમ ભાગી જતા તેની પાછળ જઈ કુહાડી તથા લોખંડના પાઈપ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી આડેધડ માર મારી જમણા પગે ફ્રેક્ચર તેમજ જમણી આંખે અને ડાબા હાથની હથેળીમાં ઈજા કરી તેમજ સાહેદને જમણા પગે ઈજા કરી ગાળો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરામાં ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની

સાથે ઘણી બધી ચર્ચાઓ કરી હતી. તો સાથે સાથે પોતે કરેલાં વિકાસનાં કામોની પણ ચર્ચાઓ કરી હતી.

શહેરમાં એક પણ રોડ રસ્તા બાકી નો રહે અને શહેરનો વિકાસ થાય તેવું પણ પાલિકા પ્રમુખ પ્રવીણભાઈને સૂચન કર્યુ હતું.

આગામી દિવસોમાં કોલેજનાં બિલ્ડીંગની પણ ગ્રાન્ટ આવી જશે તેવું પણ વાતચીત દરમિયાન જણાવ્યું હતું.

બાબરા ચમારડી વચ્ચે બિસ્માર હાલતમાં રહેલ રસ્તાને પણ થોડા દિવસોમાં બનાવી દેવામાં આવશે તેવું પણ ધારાસભ્યએ જણાવ્યું હતું.

આ સિવાયની અનેક વિકાસની વાતો ધારાસભ્ય જનકભાઈએ અમારા રિપોર્ટર રાજુ બસિયા સાથે મુલાકાત દરમિયાન ચર્ચાઓ કરી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં વિકાસ માટે

પરિવારો કોઈને કોઈ બાબતે સ્થળાંતર કરવા મજબુર બન્યા છે. જિલ્લામાં વિશાળ જંગલ, દરિયાકાંઠો હોવા છતાં પણ પ્રવાસનથી લઈને ઉદ્યોગોનો વિકાસ થઈ શકયો નથી, બ્રોડગેજ રેલ્વે, ફોરલેન માર્ગો, સારી કોલેજો કે ઉત્તમ આરોગ્ય સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં ખેતીક્ષેત્ર પણ ગંભીર આફતમાં સપડાયું છે. ખેડૂતોને સિંચાઈ માટે જરૂરી પાણી, વીજળી મળતા નથી કે ખેત પેદાશોનાં પોષણક્ષમ ભાવો મળતા નથી તેમજ નીલગાય, દીપડા જેવા પ્રાણીઓ પણ પરેશાન કરી રહ્યા છે તો હીરા ઉદ્યોગની હાલત અતિ દયનીય બની ચુકી છે. નબળી નેતાગીરીનાં કારણે જિલ્લાની ૧૫ લાખની જનતાને પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે પણ ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

ગુજરાત સરકાર ધ્વારા આયોજિત વાયબ્રન્ટ સમિટમાં લાખો–કરોડો રૂપિયાનાં એમઓયુ થાય છે તે સારી બાબત છે. પરંતુ અમરેલી જિલ્લાની જનતાને વિકાસ માટે જાહેરાતોમાં જ નિહાળીને સંતોષ માનવો પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાનાં શાસક પક્ષનાં તમામ નેતાઓએ અમરેલી જિલ્લામાં ઉદ્યોગ, ધંધાનું સ્થાપન થાય તે માટે ખાસ વાયબ્રન્ટ સમિટનું આયોજન સ્થાનિક સ્તરે કરાવીને ઉદ્યોગપતિઓને આમંત્રિત કરવા જોઈએ તેવી માંગ જિલ્લાની જનતા કરી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલા–રંઘોળા માર્ગ બનાવવા માટે

છે તેના કરતા બે ગણી ખનિજ ઉપાડી લીધેલ છે.

એજન્સી ૬ એમ.એમ. ગ્રીટ ગારીયાધારથી લાવે છે જેમાં તેમના વાહનો ખૂબ ઓવરલોડ કપચી ભરીને નીકળે છે જેથી હાલ ક્રાંકચથી લીલીયા રોડમાં કપચી પડેલ છે અને આ ઓવરલોડ ખનિજના કારણે પાછળ ચાલતા વાહનોને ખૂબ નુકસાન જાય છે અને જો કોઈ આમના કારણે એકિસડન્ટ કે અન્ય બનાવ બનશે તો જવાબદારી કોની રહેશે.

જેથી આ ખનિજ ચોરી અટકાવવા તેમજ આ એજન્સીનો ઓવરલોડ વાહનો બંધ કરાવવા અંતમાં માંગ કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખેડૂતોની આવક બમણી કરવાનાં

થયો છે.

ભારતમા આશરે ૧૨૫ લાખ હેકટર્સ વિસ્તારમા કપાસનુ વાવેતર થાય છે જે વિ ના કુલ વાવેતર વિસ્તારના ૩૨ % છે. એક અંદાજ મુજબ આ વર્ષે ૨૦૨૩–૨૪માં ૧૫ વર્ષનુ સૌથી ઓછુ એટલે હેકટર દીઠ ૩૯૧ કિ.ગ્રા. ઉત્પાદન મળવાની શકયતા છે જયારે વિ સ્તરે સરેરાશ ૬૭૦ થી ૬૮૦ કિ.ગ્રા. પ્રતિ હેકટર ઉત્પાદન નોંધાય છે.

ભારતમાં કપાસનુ ઉત્પાદન અને ગુણવત્તા સતત ઘટવાનુ પ્રમુખ કારણ ભાજપાની ખેડુત વિરોધી નિતીઓ છે.

કૃષિ નિષ્ણાંતોના મતે ભારતમાં કપાસનુ ઉત્પાદન ઘટવુ ચિંતાજનક., છેલ્લા એક દાયકાથી કપાસની સક્ષમ ઉત્પાદન ધરાવતી નવી સુધારેલી જાતો બહાર પાડવાની જવાબદારીમાંથી રાજય અને કેન્દ્ર સરકારે હાથ બહાર કાઢીને ખાનગી બીજ ઉત્પાદકોના ભરોશે ખેડુતોને છોડી દીધા અને છેલ્લા એક દાયકાથી કપાસમાં બીજમાં રાજય કે કેન્દ્ર સરકારની કૃષિ યુનિ.એ કોઈ નવુ સંશોધન આપ્યુ નથી., કૃષિ પાકમાં ઉત્પાદનને અસર કરતુ મહત્વનુ પરિબળ બીયારણ છે, હાલના અનઅધિકૃત બિયારણો વેચતા ખાનગી બીજ ઉત્પાદકો ઉપર સરકારનો કોઈ કાબુ નથી એટલે ગુણવત્તા વગરના બિયારણોને કારણે પાક નિષ્ફળ જાય છે અને ખેડુતો આર્થિક નુકસાની ભોગવે છે., ભારતમાં ૭૦ % કપાસની બિન પિયત ખેતી છે, છેલ્લા દાયકામાં પિયત વાવેતર વિસ્તારમાં વધારો કરવાના કેન્દ્ર સરકારે કોઈ પ્રયાસો ન કર્યા. ઉપરાંત ખેતી માટે વિજળીની સમસ્યા ઉકેલવામાં પણ કેન્દ્ર સરકાર ગંભીર નથી., કપાસના પાકનુ ઉત્પાદન વધે કે કપાસની ગુણવત્તા સુધારવા માટે કોઈ ખાસ સંશોધન છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારના પ્રયાસોથી વિકસાવવામા આવ્યુ નહી., કપાસના પાક ઉત્પાદનમાં ઉપર બિયારણ પછી સૌથી મહત્વનુ પરિબળ પાક સરક્ષણ અને પાક સુરક્ષા છે. કપાસના પાકને ગુલાબી ઈયળ સામે સંરક્ષણ આપવુ અને ભુંડ, રેઢીયાર પશુઓ કે જંગલી જાનવર સામે સુરક્ષાની બાબત ગંભીર સમસ્યા છે, આ સમસ્યાના નિવારણ માટે કેન્દ્ર સરકારે કોઈ પગલા ભરેલ નથી., મોન્સાન્ટો કંપનીની જીએમ ટેકનોલોજીની જાતો બે દાયકાથી ભારતમાં વાવેતર થાય છે અને ૨૦૧૪ પછી કપાસ ઉત્પાદન અને ગુણવત્તા બન્ને ઘટી છે, છતાં સરકારી કૃષિ યુનિ.ઓ યોગ્ય ભલામણ કરવામાં પણ નિષ્ફળ ગઈ છે., ૨૦૧૭માં મોન્સાન્ટો કંપનીએ પોતાની ટેકનોલોજીને ભારતમાંથી ડી રેગ્યુલેટ કરી દીધી છે, એટલે કે ટેકનોલોજીના માલીકે પોતાની જવાબદારીમાંથી હાથ બહાર કાઢી લીધા છે છતાં તેની જ ટેકનોલોજી વાળી બોલગાર્ડ જાતો ૨૦૧૭ પછી પણ ભારતના ખાનગી બીટી કપાસ બીજ ઉત્પાદકો બેફામ ખેડુતોને વેચે છે. ખેડુતોને પાક સુરક્ષાનુ કોઈ કવચ સરકાર તરફથી નથી., ભારતમાં કેન્દ્ર સરકારે ખેડુતોના જોખમે ખાનગી બીટી બીજ ઉત્પાદકોને વેચાણ માટે છુટ આપેલ. ઉપરાંત ભારતમાં મોદી સરકારે જીએમ ટેકનોલોજીમાં તેની સમાંતર કૃષિ સંશોધન કરી કપાસની ઉત્તમ ગુણવત્તાવાળી નવી જાતો ખેડુતોને આપવામાં નિષ્ફળ ગઈ., કપાસની ખેતી દેશના મુખ્ય ૬ રાજયોમાં થાય છે તે તમામ રાજયોમાં કપાસના પાક સંગ્રહ માટે અદ્યતન માળખાગત સુવિધાનો અભાવ છે. જેથી પાકના બગાડ અને ગુણવત્તાના પ્રશ્નો ઉભા થાય છે અને તેની ભાવ ઉપર સીધી અસર થાય છે અને માળખાગત સુવિધાના અભાવે આંતરાષ્ટ્રીય બજારમાં કપાસના પુરતા ભાવ મળતા નથી. તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા મનહર પટેલે એક નિવેદનમાં જણાવેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૮ | ૧૪૬૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૧૫ | ૯૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૫ | ૧૨૭૫ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૪૫૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૫ | ૧૫૨૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૯૦ | ૩૨૦૬ |
| ૫ | તલ કાળા | ૨૭૯૪ | ૩૨૦૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૯૦૦ | ૩૯૭૬ |
| ૭ | બાજરો | ૪૩૬ | ૫૦૨ |
| ૮ | જુવાર | ૪૭૧ | ૧૦૫૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૨૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૩૨ | ૬૦૧ |
| ૧૧ | મકાઈ | ૩૫૩ | ૪૦૦ |
| ૧૨ | અડદ | ૧૫૧૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૭૩૦ | ૧૦૮૧ |
| ૧૪ | તુવેર | ૧૨૪૫ | ૧૯૭૩ |
| ૧૫ | કપાસ | ૯૯૨ | ૧૪૪૫ |
| ૧૬ | એરંડા | ૧૦૯૭ | ૧૧૦૧ |
| ૧૭ | રાયડો | ૯૧૧ | ૯૧૧ |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૩૬૦ |
| ૧૯ | સોયાબીન | ૮૭૫ | ૮૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૧૯૭ | ૧૩૩૩ |
| ૩ | તલ સફેદ | ૨૫૭૦ | ૨૮૩૦ |
| ૪ | ચણા | ૮૮૦ | ૧૦૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૦૦ |
| ૬ | સોયાબીન | ૮૫૫ | ૮૭૫ |
| ૭ | તુવેર | ૧૪૭૦ | ૧૬૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૧૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૦૮ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | મકાઈ | ૪૭૧ | ૫૫૧ |
| ૧૧ | મઠ | – | ૧૧૦૧ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૮૯૨ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૮૬૨ |
| ૧૫ | એરંડી | ૯૫૦ | ૧૦૭૬ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૩૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૬ | ૧૪૨૭ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૬૧ |
| ૩ | ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૫ | સોયાબીન | ૮૫૦ | ૮૬૧ |
| ૬ | તુવેર | ૧૪૪૫ | ૧૭૩૦ |
| ૭ | શીંગદાણા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૮ | ધાણા | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૯ | વાલ | ૧૪૧૦ | ૧૪૧૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| ૩ | તુવેર | ૧૩૯૫ | ૧૮૪૦ |
| ૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૫ | બાજરો | ૫૧૯ | ૫૧૯ |
| ૬ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૭૯ |
| ૮ | સોયાબીન | ૮૦૯ | ૮૬૫ |
| ૯ | જુવાર | ૧૦૩૫ | ૧૧૨૧ |
| ૧૦ | રજકાબી | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૫૯૫ | ૨૫૯૫ |
| ૧૨ | ચણા સફેદ | ૧૫૦૦ | ૧૭૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૦૫૦ |
| ૩ | તલ કાળા | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૭ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૫૮ |
| ૭ | જુવાર | ૭૮૧ | ૧૨૫૦ |
| ૮ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |

### એસ.પી.ની સુચનાથી સીટી પોલીસની કામગીરી

# સા.કુંડલા ખાતે ઈ-એફઆઈઆરથી દાખલ થયેલ મોબાઈલ ચોરીની બે ઘટનાનું રહસ્ય ખુલ્યુ

### આરોપી ભરતભાઈ પરમાર અને લાલજીભાઈ પથ્થર વિરૂદ્ધ કાર્યવાહી



અમરેલી, તા. ૧૦

સા.કુંડલાનાં સીટી પોલીસ સ્ટેશનમાં ઈ–એફઆઈઆરથી દાખલ થયેલ મોબાઈલ ચોરીની બે ફરિયાદનાં અલગ–અલગ આરોપીની સીટી પોલીસે અટકાયત કરેલ છે.

પ્રથમ બનાવમાં આરોપી લાલજીભાઈ દામજીભાઈ પથ્થર રે. મહુવા અને બીજી ઘટનામાં આરોપી ભરતભાઈ પરમાર રે. સા.કુંડલાની અટકાયત કરેલ છે.

આ કામગીરી સાવરકુંડલા ટાઉન પો.સ્ટેનાં પોલીસ ઈન્સપેકટર એસ.એમ. સોની તથા અના.એ.એસ.આઈ. કે.બી. ગઢવી તથા અના. હેડ કોન્સ. લલિતભાઈ મોહનભાઈ તથા પો.કોન્સ. મુકેશભાઈ વિષ્ણુભાઈ શિયાળ, એ.એસ.આઈ હિંગળાજસિંહ પ્રધ્યુમનસિંહ, પો.કોન્સ. જીતુભાઈ ગોબરભાઈ, પો.કોન્સ વનરાજભાઈ ગભાભાઈ, પો.કોન્સ. મહેશભાઈ ગીરજાશંકર ભાઈ, પો.કોન્સ. બકુલભાઈ રઘુરામભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

# રાજુલા ગાયત્રી મંદિર ખાતે પુસ્તકો મેળો યોજાયો



રાજુલા, તા.૧૦

શ્રી ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલી દ્વારા તા.૯/૧/૨૦૨૪ થી તા.૧૦/૧/૨૦૨૪ ગાયત્રી શકિતપીઠ માં પુસ્તક મેળાનું આયોજન સફળતા પુર્વક સંપન્ન થયું. પુસ્તક મેળામાં તમામ સાહિત્ય બ્રહ્મ ભોજમાં અડધી કિંમતે આપવામાં આવ્યું. પ્રથમ દિવસે સાંજે ભવ્ય દીપ યજ્ઞમાં યુગ સંદેશ આપવામાં આવેલ.

બીજા દિવસે સવારે સામુહિક ગર્ભ પુજન સંસ્કાર (પાંચ) પંચ કુડિય યજ્ઞ રાખવામાં આવેલ. બે દિવસ દરમિયાન વ્યસનમુકિત ચિત્ર પ્રદર્શનનું અવલોકન તમામ શાળા કોલેજોનાં વિદ્યાર્થીઓએ કરેલું. બે દિવસ દરમિયાન ૩૦,૦૦૦ થી વધારે મૂલ્યનું સાહિત્ય વિતરણ થયું. ઉપરાંત ૧૦૮ ઘરે ૧૦૦% ના સાહિત્ય સેટ આપવા આવ્યા. સમગ્ર આયોજનમાં ભારતભાઈ આચાર્ય. જાગૃતિબેન રાજયગુરૂ,ભૂપતભાઈ જોષી, અનલભાઈ, મૌલિનભાઈ અને રાજુલા ગાયત્રી પરિવારનાં પરિજનભાઈ બહેન દ્વારા ગુરૂકાર્યમાં ખુબ જ સુંદર સેવા આપી તે બદલ અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર આભારની લાગણી વ્યકત કરે છે.

### જય શ્રીરામનાં નારા સાથે

# અમરેલીની સનરાઈઝ વિદ્યાલયમાં અયોધ્યાથી આવેલ અક્ષત કળશનું આસ્થાભેર પૂજન થયું

### વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૧૦

અમરેલી સનરાઈઝ વિદ્યાલય જેસીંગપરામાં જયશ્રી રામ જય શ્રી રામ નાં નારા સાથે શાળાનાં બાળકો અને શાળા પરિવાર દ્વારા ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યાથી આવેલ અક્ષત(ચોખા) કળશનું પૂજન કરી ધન્યતા અનુભવી. આ તકે શાળાનાં મેનેજિંગ ટ્રસ્ટી જયેશભાઈ ઉપાધ્યાય, વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ઈતેશભાઈ મેહતા, વિશ્વ હિન્દુ પરિષદનાં ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, બજરંગ દળનાં જિલ્લા સહ સંયોજક જીગિશુ મેહતા, પ્રતાપભાઈ રાઠોડ, પ્રકાશભાઈ મેહતા, માતૃશકિત જિલ્લાનાં સંયોજક રમીલાબેન પટોળીયા સહિત વાલી ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં આચાર્ય મૌલિક ઉપાધ્યાય, સુપરવાઈઝર હિના સાકરીયા, દેવાંશી જોગાણી, કોમલ સાવલીયા, કૃપાલી ભડકણ, પ્રિય ગોસ્વામી, ભુમિ ભેસાનીયા, કોમલ સોલંકી, પીનલ સાકરીયા, અનિતા ચાવડા, પ્રિંશી ચાવડા, ઋષાલી મંડોરા, અલ્પાબેન હિંગુ સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### મેગા પ્રાઈઝ ૫૧૦૦ રૂપિયા

# લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ દ્વારા ભગવાન શ્રીરામના ઐતિહાસિક ચિત્ર સ્પર્ધાનું આયોજન

### એકવીસથી વધુ સ્પર્ધકોને રોકડ પુરસ્કાર સહિતના ઈનામોથી પ્રોત્સાહિત કરાશે

અમરેલી, તા. ૧૦

સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સેવાની સુવાસ ફેલાવનાર લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ દ્વારા ભગવાન શ્રીરામ ઐત્તિહાસિક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. અયોધ્યા જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન રામના જીવનચરિત્રને રંગોથી કંડારવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા ધોરણ એકથી બારના વિદ્યાર્થીઓ માટે ઓપન ચિત્રસ્પર્ધા રાખવામાં આવી છે. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના અઢાર વર્ષથી નીચેની વયના કોઈપણ અભ્યાસુ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ ચિત્ર સ્પર્ધામાં સ્પર્ધકે ફરજિયાતપણે ચિત્ર ભગવાન રામના જીવનચરિત્રને કેન્દ્રસ્થાને રાખવાનું રહેશે. ચિત્ર ૧૫X૨૪ ઈંચની ડ્રોઈંગ સીટ પર દોરવાનું રહેશે. જેઓ શાળામાં અભ્યાસ નથી કરતા પણ ચિત્રકળામા રસ ધરાવે છે તેઓ વય મર્યાદાના નિયમમાં આવતા હોય તો ભાગ લઈ શકે છે. સ્પર્ધક ચિત્ર પોતાની અનુકૂળતાએ ઘરે તૈયાર કરી શકે છે. ચિત્ર સંપુર્ણપણે વિદ્યાર્થીનું પોતાનુંમેલિક સર્જન હોવું જોઈએ. સ્પર્ધકે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૩ પહેલા ચિત્ર સંસ્થાના પ્રોજેકટ ચેરમેનના વોટ્સએપ પર સબમિટ કરાવવાનું રહેશે. આવેલા ચિત્રોમાંથી પસંદ થયેલા સ્પર્ધકોને ૨૨ તારીખે સ્પર્ધા માટે આમંત્રણ આપવામાં આવશે. જેમાં તેમણે એ જ કૃતિ અથવા તેને અનુરૂપ ફરીથી ચિત્ર દોરવાનું રહેશે.

વધુ માહિતી માટે સ્પર્ધકે પ્રોજેકટ ચેરમેન સાથે સંપર્ક કરવાનો રહેશે. જે માટે લાયન રોહિત મહેતા ૯૪૨૬૭ ૩૫૦૩૦, લાયન ગૌરવ પટેલ ૯૭૨૭૫૭૧૦૦૯, લાયન રિતેશ સોની ૯૪૨૭૨૫૨૪૬૨, લાયન અરૂણ ડેર ૯૯૨૫૦ ૨૭૭૨૬, લાયન સંજય માલવિયા ૯૪૨૭૭ ૪૫૫૫૦ પર કરવાનો રહેશે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india
રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર – મુંબઈના આર્થિક સહયોગથી
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
તથા
શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત
સુદર્શન નેત્રાલય – અમરેલી
ના સંયુકત ઉપક્રમે
વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ
: તારીખ : ૧૧-૦૧-૨૦૨૪ ગુરૂવાર
: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.
: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦
:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬
લા. વિનોદભાઈ આદ્રોજા
:: પ્રોજેકટ ચેરમેન :: લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦૫૨૫૮૧
લા. સાહસ ઉપાધ્યાય
લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી
લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ
લા. ઋજુલભાઈ ગોંડલીયા સેક્રેટરી
નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે
નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) પરિવાર

# બગસરા ખાતે જેસિઝ ગૃપ દ્વારા શુક્રવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧૦

જેસિઝ ગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨/૧/૨૦૨૪ને શુક્રવારના રોજ મરહુમ આદમજી ઈસ્માઈલજી, મ. રૂકનબેન અબ્દુલહુસેન, મ. મહંમદઅલી હૈદરભાઈ, મ. કુબરાબેન નજમુદીનના રૂહના સબાબ વાસ્તે સીરાજભાઈ લોખંડવાલા બગસરાવાળા હાલ રાજકોટ પરિવારના સૌજન્યથી ૫૮૭મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૨/૧/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

### અરજદારોને ધક્કામાંથી મુક્તિ અપાવવા

# જાફરાબાદ ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારોની ૭૧૭ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ

### અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરાયું

અમરેલી, તા. ૧૦

સેવા સેતુ કાર્યક્રમ એ પ્રજાજનોના પ્રશ્નોને સ્થળ પર ઉકેલ લાવવાનું અસરકારક માધ્યમ છે. અરજદારોની અરજીઓનો સ્થળ પર હકારાત્મક નિકાલ થાય તે ઉદ્દેશ્ય સાથે જાફરાબાદ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

સેવા સેતુ કાર્યક્રમમાં, આવકનો દાખલો, ડીવર્મીંગ, મિલકતની આકારણીનો ઉતારો, જન્મ મરણ પ્રમાણપત્ર અને લગ્ન નોંધણી, મેડીસીન સારવાર, હેલ્થ વેલનેસ કાર્ડ, આધારકાર્ડ, પશુઓની પ્રજનનલક્ષી સારવાર, રાશનકાર્ડમાં નામમાં સુધારો, પી.એમ. જે. માં અરજી, રાશનકાર્ડમાં નામ દાખલ કરવું, કસ્તુરબા પોષણ સહાયયોજના અને રાશન કાર્ડમાં નામ કમી કરવા સહિતની બાબતો અન્વયે અરજીઓનો ૧૦૦ ટકા નિકાલ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ ૧૭ સેવાઓ માટે મળેલી ૭૧૭ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. સરકારના સેવા સેતુ કાર્યક્રમ થકી સરકારી સેવાઓનો લાભ અરજદારોને ત્વરાએ મળી રહ્યો છે.

### ભારત અફઘાનિસ્તાન સામે છેલ્લી ટીર૦ શ્રેણી રમશે

# રોહિત અને વિરાટ ટીર૦ વર્લ્ડ કપમાં ઓપનિંગ કરે એવા સંકેત

### ૨૦૨૧માં કેપ્ટન રહેલા કોહલી આ માટે ખાસ તૈયારીઓ પણ કરી હતી, તેણે આઈપીએલમાં ઓપનિંગ કર્યું હતું

નવી દિલ્હી, તા.૧૦

ભારત આ વર્ષે યોજાનાર ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પહેલા અફઘાનિસ્તાન સામે છેલ્લી ટીર૦આઈસીરિઝ રમશે. આ સીરિઝ પહેલા ભારતની ટીર૦ ક્રિકેટ ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વાપસી થઈ છે.

જો કે આ ટીર૦ વર્લ્ડ કપપહેલા એક ચર્ચા શરુ થઈ છે કે આ વર્લ્ડકપમાં રોહિત શર્માની સાથે વિરાટ કોહલી ભારતીય ઈનિંગની શરૂઆત કરી શકે છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ના ટીર૦ વર્લ્ડ કપપહેલા એવી ઘણી ચર્ચા હતી કે કોહલી રોહિત સાથે ઓપનિંગ કરી શકે છે. વર્ષ ૨૦૨૧માં કેપ્ટન રહેલા કોહલી આ માટે ખાસ તૈયારીઓ પણ કરી હતી. તેણે આઈપીએલમાં ઓપનિંગ કર્યું હતું. આ ઉપરાંત તેણે ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટી્ર૦આઈસીરિઝમાં રોહિત સાથે ઓપનિંગ પણ કર્યું હતું. વિરાટ કોહલીનો ટીર૦આઈમાં ઓપનર તરીકે શાનદાર રેકોર્ડ રહ્યો છે. તેણે અત્યાર સુધી ભારત માટે ઈનિંગની શરૂઆત કરતા ૯ ઈનિંગ્સમાં ૫૭.૧૪ની એવરેજ અને ૧૬૧.૨૯ની સ્ટ્રાઈક રેટથી ૪૦૦ રન બનાવ્યા છે. જેમાં તેણે ત્રણ વખત ૫૦થી વધુ રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સર્વોચ્ચ સ્કોર અણનમ ૧૨૨ રનનો છે. વિરાટે ટીર૦માં ભારત માટે અત્યાર સુધી રાહુલ અને રોહિત સહિત ૫ બેટ્સમેનો સાથે ઓપનિંગ કર્યું છે. રાહુલ અને વિરાટે અત્યાર સુધી ૫ ઈનિંગ્સમાં ૨૦૯ રનની ઓપનિંગ ભાગીદારી કરી છે. જેમાં એક ૧૦૦ રનની ભાગીદારી પણ સામેલ છે. જયારે રોહિત સાથે વિરાટે માત્ર એક વખત ઓપનિંગ કર્યું છે. ઈંગ્લેન્ડ સામેની આ ટીર૦આઈમેચમાં બંને ખેલાડીઓએ ૯૪ રનની ભાગીદારી કરી હતી. આ ઉપરાંત વિરાટે શિખર ધવન, ગૌતમ ગંભીર અને મુરલી વિજય સાથે પણ ઓપનિંગ કર્યું છે. વિરાટે ધવન સાથે ૬૪ રન, ગંભીર સાથે ૨૬ રન અને વિજય સાથે ૧૮ રનની ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. IPLમાં ઓપનિંગ કરતી વખતે વિરાટે ૯૮ ઈનિંગ્સ રમી છે. જેમાં તે ૧૫ વખત અણનમ રહ્યો છે. આ દરમિયાન તેણે ૪૩.૫૧ની એવરેજ અને ૧૩૫.૪૫ની સ્ટ્રાઈક રેટથી ૩૬૧૧ રન બનાવ્યા છે. જેમાં ૭ સદી અને ૨૬ ફિફટી સામેલ છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અફઘાનિસ્તાન સામે આ જોડીને ઓપનિંગ માટે પસંદ કરી શકે છે. વિરાટ અને રોહિત જો ઓપનિંગ કરે છે તો વિપક્ષી ટીમ દબાણમાં આવી શકે છે. જો કે આનું એક નુકસાન એ પણ છે ભારતીય ટીમના મિડલ ઓર્ડરમાં અનુભવી બેટ્સમેનનો અભાવ હશે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ વર્લ્ડકપ આ બંને ખેલાડીઓનું છેલ્લું વર્લ્ડકપ હશે. આવી સ્થિતિમાં બંને અનુભવી ખેલાડીઓને અફઘાનિસ્તાન સામે આગામી ટીર૦આઈસીરિઝમાં ઓપનિંગમાં ટીમને એક મજબૂત શરૂઆત આપવાની જવાબદારી લેતા જોઈ શકાય છે.

# ખેડૂતો : દુબળી ગાયને 'બગાહુ'જાજી !

લોકશાહીમાં હંમેશા બિન સંગઠિત એવા વર્ગનું શોષણ થાય છે. આ શોષણનો અવાજ સત્તા સુધી પહોંચાડવા ખૂબ બધી મશકત કરવી પડે છે. અને છતાં પણ સત્તાસ્થાને બેઠેલાં લોકો તેને ગંભીરતાથી લેતા નથી. આ વર્ગમાં આપણે ખેડૂત અને ખેત મજૂર બંનેને મૂકી શકીએ અને કેટલાક બિન સંગઠિત કામદારોને પણ તેમાં ગણવા જોઈએ. આ બધા જ લોકો યથાસ્થાને રહે તેવું આયોજન સત્તાસ્થાનના લોકો કરતા હોય તેવું સતત લાગે છે.

ચાલુ વર્ષે ડુંગળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. તેનો અવાજ તળાજાના ખેડૂતોએ પોતાના ગળે ફાંસો ખાઈને કરેલું પ્રદર્શન પ્રતિપાદિત કરે છે. આ પ્રદર્શન બતાવે છે કે તેઓ કેટલી મુશ્કેલીઓ અને આપત્તિઓ ભોગવી રહ્યાં છે.

લાલ ડુંગળીના ભાવ પ્રતિ ૨૦ સલ રૂપિયા ૧૦૦ થી ૩૫૦ જેટલા મળી રહ્યાં છે. સફેદ ડુંગળીનો ભાવ ૧૭૫ થી ૪૦૦ જેવો છે. એટલે કે તેને હજુ ૧૫ ૨૦ દિવસ પહેલા મળતો રૂપિયા ૧૨૦૦ નો ભાવ આજે ૩૦ ટકા મળી રહ્યો છે. તેની પાછળ સરકારે ડુંગળીની નિકાસબંધી કરી અને અહીંયા તેનો પુરવઠો વધારે પ્રમાણમાં હતો એટલે સ્વાભાવિક છે કે તેને યોગ્ય ભાવના પણ મળે ! સરકાર ૨૦% લોકો કે જે ગરીબીરેખાથી નીચે જીવી રહ્યા છે તેને ધ્યાનમાં લઈને ૮૦ ટકા લોકોને પણ એ જ શ્રેણીમાં મૂકી રહી છે.

તો આ માર્કેટ મેનેજરો, આપણી સરકાર શા માટે સમજી શકતી નથી. શાથી ખેડૂતોને ડિસ્ટર્બ કરવામાં આવી રહ્યાં છે. ઝડપથી તેની એક ચોક્કસ નીતિ શા માટે ઘડવામાં આવતી નથી કે જયારે કયારેક કઈ વસ્તુ આયાત કે નિકાસ કરવી, કયારે ન કરવી. પછી સરકાર આવી માંગણીને કારણે ફરી હરકતમાં



– તખુભાઈ સાંડસુર

આવીને પોતાની નીતિને બદલે છે.

આ થઈ ડુંગળી પકવતા ખેડૂતોની વ્યથા અને કથા જે હવે મહાવ્યથામાં બદલાઈ ગઈ છે. પરંતુ કપાસ પકવતા ખેડૂતો પણ એ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે.ગયા વર્ષે પ્રતિ સો કિલોનો ભાવ ્૧૨,૦૦૦ ્૧૩,૦૦૦ મળતો હતો, એ આજે ૬૦૦૦ ને ૭,૦૦૦ ની વચ્ચે રમી રહ્યોં છે.એટલે કે ખેડૂતોને પણ પૂરતો ભાવ કપાસનો મળી રહ્યોં નથી. છેલ્લાં ૨૦ વર્ષમાં કપાસના થયેલા ઉત્પાદનમાં ચાલુ વર્ષનું ઉત્પાદન સૌથી ઓછું છે.ગત વર્ષે ૩૧૯ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન થયેલું એમ માનવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આ ઉત્પાદન ૨૯૦ લાખ ગાંસડી કરતાં પણ ઘટે તેવી સંભાવના દેખાય છે એટલે કે સરેરાશ આ ઉત્પાદન લગભગ ૧૦% કરતાં પણ ઘટશે તેવો ભય છે. તો પણ કપાસના પુરતા ભાવ શા માટે મળી રહ્યાં નથી.કપાસની મિનિમમ સપોર્ટ પ્રાઈસ ્૭,૦૨૦ નક્કી કરવામાં આવી છે. તેના કરતાં પણ પંજાબ અને બીજા રાજયોના ખેડૂતો ઓછા ભાવો મેળવી રહ્યાં છે.ગુજરાતમાં આ ભાવ લગભગ પેરલલ ચાલી રહ્યાં છે. આજે પણ ખેડૂતોની પાસે ગત વર્ષનો સ્ટોક હજુ એમ જ પડેલો છે. તે સ્ટોક જો બહાર કાઢવામાં આવે તો માર્કેટને હજુ પણ અસર થઈ શકે તેમ છે.

કેન્દ્ર સરકારે બ્રાઝિલથી બહુ મોટા પ્રમાણમાં રૂ આયાત કર્યુ હોવાનુંના અહેવાલો મળી રહ્યાં છે.અહીંયા ભારતની માર્કેટમાં પૂરતા પ્રમાણમાં જયારે કપાસનું ઉત્પાદન હોય ત્યારે આયાત કરવાની શા માટે જરૂર પડી છે, તે સમજાતું નથી. કાપડ ઉદ્યોગની સામે નમતું જોખીને ખેડૂતોને નુકસાન કરવું અને તેને ડિસ્ટર્બ કરવા કેટલું યોગ્ય ગણાય !?

આ બધી વાતો ખેડૂતોએ વર્ષો સુધી સરકારને અને સરકારના પ્રતિનિધિઓને ગુહાર લગાવીને, બાગ પોકારીને કહી છે પરંતુ કયારેક તેનો અવાજ કોઈ સાંભળનાર નથી. ગુજરાતની ધારાસભાહોય કે ભારતની લોકસભા તેમાં બિરાજમાન સભ્ય પૈકીના ૭૦% સભ્યો એ ખેતી સાથે સંકળાયેલાં છે. તો પણ તેઓ ખેડૂતોના પ્રતિનિધિ તરીકે તેનો અવાજ બની શકતા નથી, કયારે બનશે તેની ખેડૂતો રાહ જુએ છે !

ભરતભાઈ બેચરભાઈ તાગડીયા નામના

# બાબરાનાં ઘુઘરાળા ગામનાં આધેડ એસિડ પી જતાં સારવાર દરમિયાન મોત

## છેલ્લા ૨૫ વર્ષથી મગજની બીમારી હતી

અમરેલી, તા. ૧૦

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે રહેતા ભરતભાઈ બેચરભાઈ તાગડીયા નામના ૫૦ વર્ષિય આધેડને છેલ્લા ૨૫ વર્ષથી મગજની બિમારી હોય અને ઘણી વખત તે પોતાના મગજ ઉપર કાબુ ગુમાવી આડેધડ બોલવા લાગતા હોય તેમણે ગત તા.૯ ના રોજ બપોરના પોણા બારેક વાગ્યે ઘુઘરાળા ગામે પોતે પોતાની મેળે એસીડ પી જતા તેઓ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### શ્રી વાવડીરોડ સેવા સહકારી મંડળી લી.

(રજી.નં. ૧૨૫૫, તા. ૨૨/૦૪/૧૯૫૫)
મુ. વાવડીરોડ, તા. કુંકાવાવ, જિ. અમરેલી.

**જાહેર હરરાજી**

આથી વાવડીરોડ સેવા સહકારી મંડળી લી.ના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે. સંસ્થાનું હિરો હોન્ડા પેશન પ્રો. ગાડી નં. જી.જે. ૧૪ એન. ૬૨૭૭ મોડેલ ૨૦૧૦ ની જાહેર હરરાજી તા. ૧૫/૦૧/૨૦૨૪ ને સોમવારના સવારના ૧૦:૦૦ કલાકે સંસ્થાની ઓફીસે જાહેર હરરાજી રાખેલ છે. હરરાજીની શરતો હરરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે.

લી.
વ્ય.કમીટીના આદેશથી
મંત્રી


Since 1986
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
(જંગરવાળા)
વ્યકિતના કર્મો જ તેની સાચી ઓળખાણ હોય છે, બાકી એક નામના હજારો લોકો હોય છે આ દુનિયામાં...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો
95558 11166





સરકારને કોણ સમજાવે છે કે વિકાસનાં દાવાઓ અને વાસ્તવિકત વચ્ચે બહુ ફેર છે

# લ્યો બોલો : ખેડૂતોની આવક બમણી કરવાનાં વચનો હવાહવાઈ : દેશમાં કપાસનું ઉત્પાદન અને ગુણવત્તા ઘટી

## માત્ર જાહેરાતો કરવાથી દેશનો વિકાસ થતો હોય તો બધા દેશો તેવું જ કર્યા કરે

અમદાવાદ, તા. ૧૦

૫ ટ્રીલીયનની અર્થવ્યવસ્થા અને ખેડુતોની આવક બમણીના ખોટા વાયદા વચ્ચે ભારતમાં કપાસનુ ઉત્પાદન અને ગુણવત્તા ઘટી હોવાનું બહાર આવેલ છે.

મોદી સરકારની ખેતી વિરોધી વલણને કારણે જાહેર કરેલી બે ડઝન યોજના છતાં ૨૦૨૩–૨૪ માં કપાસ ઉત્પાદન છેલ્લા દસ વર્ષના તળીએ પહોંચી ગયું છે.

૨૦૧૪ માં કપાસનો ભાવ ૧૪૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિ.ગ્રા. હતો અને આજે દસ વર્ષ પછી ૧૪૦૦ રૂપિયા ભાવ મળતા હોવાને કારણે ખેડુતોના આત્મહત્યાના બનાવો વધ્યા છે તે હકીકત છે.

દેશમાં આ વર્ષે માત્ર ૨૯૪ લાખ ગાંસડી કપાસના ઉત્પાદનનો અંદાજ છે જે ગત વર્ષની સરખામણીમા ૭ થી ૮% ઓછુ હશે. ભારતમા ૨૦૧૩–૧૪માં સૌથી વધુ ઉત્પાદન ૫૭૫ કિ.ગ્રા. પ્રતિ હેકટર નોંધાયુ હતુ. ત્યારબાદ સતત ઘટતુ જાય છે. છેલ્લા દાયકામા ૩૦% ઉત્પાદનમા ઘટાડો

**અનુસંધાન પાના ૬ ઉપર**


હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)